


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 025
Dt.: 03-10-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### સંપત્તિ-વારસાઈમાં હવે મહિલાઓને સમાન હક

# ગુજરાતમાં UCC લાગુ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આપી મંજૂરી

## આ કાયદાથી મહિલાઓને સંપત્તિમાં સમાન હક મળશે: ST સમુદાયને મુક્તિ અપાઈ લગ્નની ફરજિયાત નોંધણી અને લીવ-ઈન રિલેશનશિપ માટે કડક નિયમો બનાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા સમાન નાગરિક સંહિતા (UCC) વિધેયકને રાષ્ટ્રપતિ તરફથી મંજૂરી મળી ગઈ છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં જ રાજ્ય સરકાર દ્વારા આ અંગેનું ગેજેટ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભામાં ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ આ મહત્વકાંક્ષી UCC વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. આ નવા કાયદા હેઠળ રાજ્યમાં લગ્ન અને છૂટાછેડા માટે સમાન કાયદાકીય જોગવાઈઓ અમલી બનશે, જ્યારે આદિવાસી સમુદાયને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ કાયદાથી સંપત્તિ અને ઉત્તરાધિકારના અધિકારોમાં મહિલાઓને પુરુષો સમાન હક મળશે. મિલકતમાં પુત્ર અને પુત્રી બંનેને સમાન વારસાગત અધિકાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજ્યમાં લિવ-ઈન રિલેશનશિપ માટે નોંધણી કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને પણ પિતાની મિલકતમાં કાયદાકીય હક પ્રાપ્ત થશે. તમને જણાવી દઈએ કે, ૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભામાં UCC બિલ ૨૦૨૬ પસાર થયું હતું. ઉત્તરાખંડ બાદ ગુજરાત સમાન નાગરિક સંહિતા બિલ પસાર કરનારું દેશનું બીજું રાજ્ય બની ગયું હતું. જોકે, તે સમયે વિપક્ષ કોંગ્રેસે આ બિલનો સખત વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે બિલના પ્રથમ વાંચન બાદ તેને વધુ વિચારણા માટે પ્રવર સમિતિ ને મોકલવાની માંગણી કરી હતી. પરંતુ, આ માંગણીનો અસ્વીકાર થતાં ગૃહમાં હાજર કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું હતું. બિલ પસાર થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભામાં નિવેદન આપતા જણાવ્યું હતું કે આ કાયદો રાજ્યની દીકરીઓ અને મહિલાઓના રક્ષણ માટે અત્યંત જરૂરી છે અને આ દિવસ ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. UCC વિધેયક પરની ચર્ચાના અંતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યંત ભાવનાત્મક રીતે ગૃહને સંબોધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "મને બધા દાદા-દાદા કહીને બોલાવે છે. ત્યારે મારા રાજયની તમામ દીકરીઓ, બહેનો અને માતાઓની કાળજી રાખવી એ મારી નૈતિક ફરજ છે. તમામ દીકરીઓ અને માતાઓના રક્ષણ માટે મારે કાયદાનો ડંડો ઉગામવો જ પડે, અને મેં એ જ કર્યું." તેમણે સ્પષ્ટ કર્યું કે આ બિલ તુષ્ટિકરણની રાજનીતિ માટે નથી, પરંતુ સમાજમાં સમાનતા લાવવા માટે છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત સમાન અધિકાર સંહિતાનો ઉદ્દેશ્ય કોઈના અધિકારો છીનવવાનો કે કોઈની ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ મારવાનો જરાય નથી. આ કાયદો માત્ર કાનૂની ભેદભાવ દૂર કરવા માટે છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ બિલ કોઈ પણ રીતે બંધારણની વિરુદ્ધ નથી, પરંતુ તે બંધારણનું પૂરક છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી કે આ બિલ લિવ-ઈન રિલેશનશિપને પ્રોત્સાહિત કરતું નથી, પરંતુ બદલાતા સમયમાં 'શ્રદ્ધા વાલકર' જેવી ભયાનક ઘટનાઓથી દીકરીઓને બચાવવા માટે લિવ-ઈનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ કાનૂની સુરક્ષા માટે છે. એવી જ રીતે, લગ્નની નોંધણી પણ ફરજિયાત કરવામાં આવી છે, જેથી ઓળખ છુપાવીને કે છેતરપિંડી કરીને લગ્ન કરનારાઓ પર લગામ કસી શકાય.

### હુથીઓ પર ભડક્યાં મુસ્લિમ દેશ

# મદીનામાં વીજ સપ્લાય બાદ સાઉદીના ઓઈલ ટર્મિનલ પર થયેલો હુમલો

## પાવર સ્ટેશનને નિશાન બનાવવાની ઘટના બાદ સંયુક્ત આરબ અમીરાત બહેરીન, કુવૈત, જોર્ડન અને તુર્કીયેએ સાઉદી અરબ સાથે એકતા દર્શાવી હુમલાની આકરા શબ્દોમાં ટીકા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)રિયાધ

યમનના હુથી બળવાખોરો દ્વારા સાઉદી અરબને નિશાન બનાવવાના આરોપોથી પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. મદીના સ્થિત મસ્જિદ-એ-નબવીને વીજળી પૂરી પાડતા તૈયબા પાવર સ્ટેશન પર ડ્રોન હુમલા બાદ હવે સાઉદી અરબના પશ્ચિમ કિનારે આવેલા યાન્બુ ઈન્ડસ્ટ્રિયલ પોર્ટ પર સાઉદી અરામકોના નોર્થ ટર્મિનલ પર હવાઈ હુમલો અને આગ લાગવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટના બાદ ગલ્ફ દેશોમાં ભારે આક્રોશ છે.અહેવાલો અનુસાર, સાઉદી અરબના રાતા સમુદ્ર પર સ્થિત યાન્બુ એક મુખ્ય ઔદ્યોગિક અને ક્રૂડ ઓઈલ નિકાસનું કેન્દ્ર છે. આ ટર્મિનલની દૈનિક લોડિંગ ક્ષમતા આશરે ૧.૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની છે. હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ અથવા



દરિયાઈ માર્ગોમાં વિક્ષેપની સ્થિતિમાં યાન્બુ સાઉદી અરેબના ઓઈલ નિકાસ માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડે છે. અગાઉ યાન્બુની પરિવહન માળખાકીય સુવિધાઓને નિશાન બનાવાઈ હતી, પરંતુ આ વખતે બંદરની અંદર આવેલા ઓઈલ ટર્મિનલ પર સીધો હુમલો કરાયો હોવાના અહેવાલ છે. દરમિયાન, સાઉદી ગઠબંધને દક્ષિણ ક્ષેત્ર તરફ છોડવામાં આવેલી ૨ બેલિસ્ટિક મિસાઈલો અને ૪ ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો છે.આગેવાની હેઠળના ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કીયે અલ-મલિકીના જણાવ્યા અનુસાર, ડ્રોનના કાટમાળની તપાસ બાદ સ્પષ્ટ થયું છે કે મદીનાના તૈયબા પાવર સ્ટેશન પર હુમલો હુથીઓએ જ કર્યો હતો. આ સ્ટેશન મદીનાની પવિત્ર મસ્જિદ-એ-નબવી અને નજીકની નાગરિક સુવિધાઓને વીજ પુરવઠો પૂરો પાડે છે. હુમલામાં ટ્રાન્સફોર્મરને નુકસાન થયું હતું, પરંતુ શહેરના વીજ પુરવઠા પર અસર પડી નહોતી. જોકે, હુથી બળવાખોરોએ આ આરોપોને નકારી કાઢ્યા છે.પાવર સ્ટેશનને નિશાન બનાવવાની ઘટના બાદ સંયુક્ત આરબ અમીરાત બહેરીન, કુવૈત, જોર્ડન અને તુર્કીયેએ સાઉદી અરબ સાથે એકતા દર્શાવી હુમલાની આકરા શબ્દોમાં ટીકા કરી છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ ના સેક્રેટરી-જનરલ જાસેમ અલ-બુદાવીએ જણાવ્યું હતું કે પવિત્ર સ્થળોને સપ્લાય કરતા સ્ટેશન પર હુમલો એ ગંભીર બાબત છે અને સાઉદીની સુરક્ષા એ તમામ સભ્ય દેશોની સામૂહિક સુરક્ષાનો ભાગ છે. બહેરીને આ મામલે યુએન સુરક્ષા પરિષદને હુથીઓ સામે કડક વલણ અપનાવવા અપીલ કરી છે.

### વડાપ્રધાન મોદી સાથે વાત કરતાં-કરતાં રડી પડ્યા કેપ્ટન સ્મિત મચ્છર

# મને હનુમાનજીએ બચાવ્યો હતો : કેપ્ટન સ્મિત મચ્છર

## ૧૪૦ કરોડ દેશવાસીઓનું તમે માન વધાર્યું: વડાપ્રધાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્લાય દુબઈ ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વીડિયો કોલ પર વાત કરી. આ દરમિયાન કેપ્ટન સ્મિતે બુધવારે બનેલી સમગ્ર ઘટના વડાપ્રધાન મોદીને જણાવી. આ ઘટના દરમિયાન તેમને હિંમત કેવી રીતે મળી તેના વિશે પણ જાણકારી આપી. કેપ્ટન સ્મિતની વાત સાંભળ્યા બાદ PM મોદીએ તેમની બહાદુરીને બિરદાવી અને તેમના જલ્દી સ્વસ્થ થવાની કામના કરી. નોંધનીય છે કે, સ્મિત મચ્છરની અત્યારે અબુ ધાબીની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



પીએમ મોદીએ કહ્યું કે, "આખો દેશ તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. મંદિરોમાં જાપ ચાલી રહ્યા છે. તમારી હિંમતે અને તમારા ધૈર્યે ઘણા લોકોના જીવ બચાવ્યા છે. આજે આખો દેશ ગર્વથી કહી શકે કે અમે હિન્દુસ્તાની જીવ લેનાર લોકો નથી, અમે જીવ બચાવનાર લોકો છીએ. તમે તમારા જીવની ચિંતા કર્યા વગર મુસાફરોની જીવની ચિંતા કરી અને સૌથી મોટી વાત તમે ૧૪૦ કરોડ દેશવાસીઓનું તમે માન વધાર્યું. એટલે હું હૃદયથી ગર્વ અનુભવી રહ્યો છું. ગઈકાલે મને મેં ભૂપેન્દ્રભાઈ સાથે વાત કરી, ગીતાબેન સાથે વાત કરી અને સોનલબેન સાથે વાત કરી."

આ પછી કેપ્ટન સ્મિતે બુધવારે બનેલી ઘટના પીએમ મોદીને જણાવી. તેમણે કહ્યું કે, "જ્યારે આ ઘટના બની, ત્યારે મને અહેસાસ થયો કે હું અત્યારે કંઈ નહીં કરું તો મુસાફરોના જીવ જતા રહેશે. હું ૧૭ વર્ષથી વિમાન ઉડાડી રહ્યો છું, ૧૧ વર્ષથી હું કેપ્ટન છું. મને આંખ બંધ કરીને પણ ખબર પડે છે કે વિમાનમાં શું થઈ રહ્યું છે. જ્યારે હું નીચે પડેલો હતો, ત્યારે મને અહેસાસ થઈ રહ્યો હતો કે વિમાન નીચે જઈ રહ્યું છે. જે બાદ મેં દરવાજો ખોલી નાખ્યો અને પછી બધા લોકો આવી ગયા. બાકી લોકોએ પણ ઘણી હિંમત દાખવી છે."

કેપ્ટન સ્મિતે કહ્યું કે, "જ્યારે પણ સંકટ જેવું કંઈ લાગે ત્યારે હું માત્ર હનુમાન ચાલીસા બોલું છું. તે સમયે પણ હું હનુમાન ચાલીસા બોલી રહ્યો હતો. મને ખબર છે કે ભગવાને જ મને બચાવ્યો છે. તમારો ફોન આવ્યો, મને ગર્વ થઈ રહ્યો છે. આટલું કહીને કેપ્ટન રડી પડ્યા. મેં ક્યારેય નહોતું વિચાર્યું કે મારી તમારી સાથે વાત થશે."

જે બાદ પીએમ મોદી કહ્યું કે, "તમે એટલું મોટું કામ કર્યું છે, દરેક દેશવાસીઓ અને વિશ્વભરના લોકો તમને જોવા અને તમારી સાથે વાત કરવા ઘણા આતુર છે. તમે જે હનુમાન ચાલીસાની વાત જણાવી, તે માટે તો હું ગીતાબેને પ્રણામ કરીશ, તમને આવા સંસ્કાર આપ્યા."

જે બાદ કેપ્ટન સ્મિતે કહ્યું કે, "હું દરરોજ સવારે પૂજા કરું છું, હું દરરોજ સવારે મારા ૨ વર્ષના દીકરાને હનુમાન ચાલીસા સંભળાવું છે. કારણ કે મને એવું લાગે છે કે ભલે અમે દેશથી દૂર હોઈએ, પણ સંસ્કૃતિથી દૂર ન હોવા જોઈએ."

જે બાદ પીએમ મોદીએ કહ્યું કે, "તમને ખબર નહીં હોય લોકો સાવરકુંડલા અને વઢવાણમાં ભાવુક વાતાવરણ બની ગયું છે. આખા હિન્દુસ્તાનમાં ગઈકાલે મંદિરોમાં પૂજા-પાઠ અને આરતી થઈ. તમે જલ્દી સ્વસ્થ થઈ જાઓ, તે માટે પ્રાર્થના કરવામાં આવી. તેથી તમે જલ્દી સ્વસ્થ થઈ જવાના છો, ભારત તમારું સ્વાગત કરવા માટે ઘણું ઉત્સુક છે."

### વડાપ્રધાન મોદી ગાંધી જયંતિના અવસરે રાજઘાટ પહોંચ્યા

# મહાત્મા ગાંધીની ૧૫૭મી અને શાસ્ત્રીજીની ૧૨૨મી જન્મજયંતિ

## આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિત અનેક નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નરેન્દ્ર મોદીએ આજે ગાંધી જયંતિના અવસરે નવી દિલ્હીના રાજઘાટ પહોંચીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે રાજઘાટ ખાતે સર્વધર્મ પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડાપ્રધાન મોદી સહિત અનેક મહાનુભાવોએ ભાગ લીધો હતો.રાજઘાટ પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદીએ મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગાંધીજીના સત્ય, અહિંસા, શાંતિ અને સેવા જેવા મૂલ્યોને યાદ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ PM મોદી વિજય ઘાટ પહોંચ્યા હતા અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતિ પર નમન કર્યું હતું.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ રાજઘાટ ખાતે બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે દુનિયાના અનેક ભાગોમાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષ વચ્ચે મહાત્મા ગાંધીનો શાંતિ અને અહિંસાનો સંદેશ આજે વધુ પ્રાસંગિક બન્યો છે. ગાંધી જયંતિ ભારત માટે મહત્વનો રાષ્ટ્રીય દિવસ છે. દર વર્ષે ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રાજઘાટ ખાતે યોજાતી પ્રાર્થના સભા દરમિયાન સર્વધર્મ પ્રાર્થનાઓ દ્વારા ગાંધીજીના વિચારો અને જીવનમૂલ્યોને યાદ કરવામાં આવે છે. આ દિવસને વિશ્વ સ્તરે પણ અહિંસાના દિવસ તરીકે ઓળખવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૦૭માં ૨ ઓક્ટોબરને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે જાહેર કર્યો હતો.

વડાપ્રધાન મોદી અગાઉ પણ ગાંધી જયંતિના અવસરે ગાંધીજીના જીવન અને વિચારોને યાદ કરતા રહ્યા છે. ૨૦૨૫માં તેમણે ગાંધીજીના સત્ય, અહિંસા, સેવા અને કરુણાના સંદેશને યાદ કરીને કહ્યું હતું કે તેમના આદર્શો દેશની વિકાસયાત્રામાં માર્ગદર્શન આપતા રહેશે. આજે ગાંધી જયંતિ નિમિત્તે રાજઘાટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં દેશના મહાનુભાવોએ મહાત્મા ગાંધીને યાદ કરીને તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ગાંધીજીના વિચારો ખાસ કરીને સત્ય, અહિંસા, સ્વચ્છતા, સ્વદેશી અને સેવા સાથે જોડાયેલા રહ્યા છે અને ગાંધી જયંતિ નિમિત્તે દેશભરમાં આ મૂલ્યોને કેન્દ્રમાં રાખીને વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.






# મહારાષ્ટ્રના અમરાવતીમાં હાઈવે પર મરણચીસો ગૂંજી: ૨૬ લોકોને લઈ જતા પિકઅપને ટ્રકે ફંગોળી નાખતા ૭ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના અમરાવતી અને બુલઢાણા જિલ્લામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. શ્રદ્ધાળુઓથી ભરેલી એક પિકઅપને ટ્રકે ટક્કર મારતા ભીષણ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં સાત લોકોના મોત થયા છે અને ૨૧ લોકો ઘાયલ થયા છે.

શુક્રવારની સવારે અમરાવતી જિલ્લાના ધામણગાંવ રેલવે પાસે સમૃદ્ધિ મહામાર્ગ પર ચેનલ નંબર ૯૭ પર આ અકસ્માત થયો હતો. પિકઅપ વાહનમાં સવાર લોકો બુલઢાણા જિલ્લાના શેગાંવથી મા દુર્ગાની મૂર્તિ લઈને વર્ધા તરફ જઈ રહ્યા હતા. તે જ સમયે પિકઅપ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી ભીષણ હતી કે પાંચ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા, જ્યારે સારવાર દરમિયાન વધુ બે લોકોએ દમ તોડ્યો હતો. આ દુર્ઘટનામાં કુલ ૨૧ લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને તાત્કાલિક ધામણગાંવ ગ્રામીણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, ચારથી પાંચ ઘાયલોની હાલત અત્યંત ગંભીર છે, જ્યારે ૧૪થી ૧૫ લોકો સામાન્ય ઈજા થઈ છે.

## તંત્રી લેખ......

### જ્ઞાનેશ કુમારના રાજીનામાંની માંગ તેજ છતાં ચૂંટણી પંચનું ડેમેજ કંટ્રોલ

ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને (CEOs) એક મહત્ત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે. જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અથવા ચાલી રહી છે, ત્યાંના અધિકારીઓને પૂર્વ-એસઆઈઆર મતદાર યાદીઓની વર્તમાન યાદી સાથે સરખામણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે જે યોગ્ય મતદારોના નામ યાદીમાંથી છૂટી ગયા છે, તેમને આગામી એક મહિનાની અંદર ફરીથી યાદીમાં સામેલ કરવામાં આવે.

આ અભિયાન હેઠળ તમામ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) એવા મતદારોની યાદી તૈયાર કરશે જેના નામ યાદીમાંથી રહી ગયા છે. આ યાદી તૈયાર કર્યા બાદ બીએલઓ ઘર-ઘર જઈને સંબંધિત નાગરિકોની વર્તમાન સ્થિતિની ચકાસણી કરશે. જો સંબંધિત વ્યક્તિ મતદાર બનવા માટે પાત્ર જણાશે, તો ફોર્મ ૬ ભરાવીને તેમનું નામ મતદાર યાદીમાં જોડવાની પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં આવશે.

ચૂંટણી પંચના પત્ર અનુસાર, BLOs દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨૦થી ૨૫ મતદારોના ઘરોને આવરી લેશે, જેથી આ સમગ્ર પ્રક્રિયા એક મહિનાની અંદર સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકે. આ સાથે જ નાગરિકો સરળતાથી અરજી કરી શકે તે માટે બૂથ લેવલ કેમ્પ્સનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, નાઈટ શેલ્ટર, મજૂર વસાહતો તેમજ બેઘર અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે પણ વિશેષ શિબિરો યોજવામાં આવશે જેથી કોઈ પાત્ર મતદાર વંચિત ન રહે. ઉલ્લેખનીય છે કે જે રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યાં અત્યાર સુધીમાં મતદાર યાદીમાંથી આશરે ૧૩.૩ કરોડ નામો કમી કરવામાં આવ્યા છે. ૨૬ સપ્ટેમ્બરના રોજ મળેલી બેઠકમાં ચૂંટણી પંચે નવા મતદારોની નોંધણી માટે વિશેષ અભિયાનની પહેલેથી જ જાહેરાત કરી દીધી છે. પંચના જણાવ્યા મુજબ મતદાર નોંધણી એ એક સતત ચાલતી પ્રક્રિયા છે અને જે વ્યક્તિનું નામ યાદીમાં નથી કે કમી થઈ ગયું છે તે ગમે ત્યારે અરજી કરી શકે છે. આ વિશેષ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય આવા યોગ્ય મતદારોને શોધીને તેમને યાદીમાં જોડવાનો છે.

## વડોદરા મંડળમાં સ્વચ્છતા પખવાડાની શરૂઆતઃ મંડળ રેલ પ્રબંધકશ્રી રાજુ ભડકેએ સ્વચ્છ અને હરિત પર્યાવરણના નિર્માણ માટે કર્યું આહ્વાન




પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા 'સ્વચ્છતા પખવાડિયા–૨૦૨૬' અને 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વડોદરા રેલવે સ્ટેશન પર વિશેષ સ્વચ્છતા અને જનભાગીદારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે સહિત મંડળના તમામ શાખા અધિકારીઓ, રેલ કર્મચારીઓ, હાઉસકીપિંગ સ્ટાફ, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ તેમજ સિવિલ ડિફેન્સના સભ્યોએ સક્રિય ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા રેલી કાઢવામાં આવી હતી. રેલી દરમિયાન સ્વચ્છતા સંબંધિત સૂત્રોચ્ચારો દ્વારા મુસાફરો અને સામાન્ય જનતાને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા તેમજ રેલીના માર્ગ પર સ્વચ્છતા અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. રેલી દરમિયાન વડોદરા સ્ટેશનના કોનકોર્સ અને સર્ક્યુલેટિંગ એરિયામાં વિશેષ સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓ, રેલ કર્મચારીઓ, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ, સિવિલ ડિફેન્સ તેમજ હાઉસકીપિંગ સ્ટાફે સામૂહિક રીતે વિવિધ વિસ્તારોમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરી હતી. સફાઈ કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ દ્વારા જરૂરી સફાઈ કિટ, વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE), માસ્ક અને ગ્લવ્ઝનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના હેતુથી સિવિલ ડિફેન્સ દ્વારા નુક્કડ નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતું. તેમાં સ્વચ્છતા જાળવવા, કચરો ન ફેલાવવા, યોગ્ય રીતે કચરાનો નિકાલ કરવા તેમજ જનભાગીદારીના મહત્વને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

વડોદરા સ્ટેશનના સેલૂન સાઈડિંગ વિસ્તારમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે છેલ્લા ૧૫ દિવસ દરમિયાન વડોદરા મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કરવામાં આવેલી વિવિધ કામગીરી અને સિદ્ધિઓની સંક્ષિપ્ત વિગતો પણ રજૂ કરવામાં આવી હતી. અભિયાન દરમિયાન ૨,૬૫૦ લોકોએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી હતી, જ્યારે SHS Portal પર ૧,૩૬૮ CTUsની ઓળખ કરીને તેમને બંધ કરવામાં આવ્યા હતા. આશરે ૩૨.૧૫ મેટ્રિક ટન કચરો એકત્રિત કરીને તેનું વિભાજન (Segregation) કરવામાં આવ્યું હતું.

અભિયાન અંતર્ગત CTU Transformation, સ્ટેશન અને કોચના શૌચાલયોની સફાઈ, જનભાગીદારી, પ્લાસ્ટિક મુક્ત પ્રવૃત્તિઓ, જળાશયોની સફાઈ, વારસાગત સ્થળોની સ્વચ્છતા, રિસાયક્લિંગ તેમજ સફાઈ મિત્રોની સુરક્ષા અને સન્માન સાથે સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૭ 'SafaiMitra Suraksha Seva Camps'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૯૦ સફાઈ મિત્રોની આરોગ્ય તપાસ, 103 PPE કિટનું વિતરણ તેમજ ૪૪ સફાઈ મિત્રોને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વચ્છતા વિષય પર આયોજિત નિબંધ, ચિત્રકલા અને પ્રશ્નોત્તરી સ્પર્ધાઓના વિજેતાઓને DRM/BRC દ્વારા પુરસ્કાર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધતા જણાવ્યું હતું કે સ્વચ્છતા માત્ર કોઈ અભિયાન અથવા પખવાડિયા પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ, પરંતુ તેને દૈનિક જીવનની કાયમી આદત બનાવવી જરૂરી છે. દરેક વ્યક્તિએ પોતાના કાર્યસ્થળની સાથે પોતાના ઘર અને આસપાસના વિસ્તારને પણ સ્વચ્છ અને હરિત રાખવા માટે સતત પ્રયાસ કરવા જોઈએ. તેમણે સામૂહિક જવાબદારી અને સતત પ્રયાસો દ્વારા સ્વચ્છ અને હરિત પર્યાવરણના નિર્માણ માટે આહ્વાન કર્યું હતું.

મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પ્રતાપનગર હેરિટેજ પાર્કમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે વૃક્ષારોપણ દ્વારા સ્વચ્છતા સાથે પર્યાવરણ સંરક્ષણ અને હરિત પરિસરના સંકલ્પને પણ વધુ મજબૂત બનાવવામાં આવ્યો હતો. વડોદરા મંડળનો આ કાર્યક્રમ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, જનભાગીદારી અને સામૂહિક જવાબદારીના સંદેશને અસરકારક રીતે આગળ વધારતી મહત્વપૂર્ણ પહેલ બની રહ્યો હતો. મંડળ દ્વારા તમામ રેલ કર્મચારીઓ, મુસાફરો અને સંબંધિત હિતધારકોને સ્વચ્છતાને દૈનિક જીવનની કાયમી આદત બનાવવા તેમજ રેલવે પરિસરો, કચેરીઓ, ઘરો અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ અને હરિત રાખવા અપીલ કરવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટે સમન્સ જાહેર કર્યું

## ભાજપ સાંસદ રાજેશ શુક્લાએ ફોજદારી વિગત છુપાવ્યાનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

તાજેતરમાં રાજ્યસભામાં ચૂંટાયેલા ભાજપના સાંસદ રાજેશ પરમાનંદ શુક્લની જીત સામે વાંધો ઉઠાવતી કોંગ્રેસના વિધાનસભામાં વિપક્ષના નેતા તુષાર ચૌધરીએ ગુજરાત હાઈકોર્ટમાં ઈલેક્શન પિટિશન કરી છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એસ.વી.પિન્ટોએ ભાજપના સાંસદ રાજેશ પરમાનંદ સામે સમન્સ જાહેર કર્યું છે અને કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં મુકરર કરી છે.વિધાનસભામાં કોંગ્રેસના વિપક્ષ નેતા તરફથી કરાયેલી ઈલેક્શન પિટિશનમા રજૂઆત કરાઈ હતી કે, ભાજપના સાંસદ રાજેશ શુક્લએ પોતાના ઉમેદવારી ફોર્મ સાથેના સોગંદનામામાં તેમની સામે કોઈ પણ ફોજદારી કેસ પડતર નહીં હોવાનો દાવો કર્યો હતો, પરંતુ વાસ્તવમાં તેની વિરુદ્ધ આઈપીસીની કલમ-૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮ અને ૪૭૧ જેવા અતિ ગંભીર ગુના હેઠળ કેસ નોંધાયેલો છે. તેમાં ટ્રાયલ કોર્ટ દ્વારા તેમને સમન્સ પણ પાઠવાયા હતા. એટલું જ નહીં, આ ગુનાઓ સબબની ફરિયાદ રદ કરાવવા માટે તેમના તરફથી ગુજરાત હાઈકોર્ટમાં વોશીંગ પિટિશન પણ દાખલ કરાયેલી છે, જે પડતર છે. આ કેસમાં હાઈકોર્ટે કોઈપણ પ્રકારનો સ્ટે પણ તેમને આપ્યો નથી.આમ, પોતાના ગુનાઈત ઈતિહાસની સંપૂર્ણ જાણકારી હોવાછતાં ફોજદારી ગુના અંગે રાજેશભાઈ પરમાનંદભાઈ શુકલએ પોતાના સોંગદનામાંમાં કોઈ ઉલ્લેખ કર્યો ન હતો અને સાચી હકીકત છુપાવીને લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઓનો ભંગ કર્યો છે અને લોકશાહી પ્રક્રિયાથી વિરૂધ્ધનું કૃત્ય કર્યુ છે. ચૂંટણી વખતે જનતા અને ચૂંટણી પંચથી પોતાના ગુનાઈત ઈતિહાસને છુપાવીને ચૂંટણી લડવી એ અત્યંત ગંભીર અને ગુનાઈત બાબત હોઈ ભાજપ સાસંદની ચૂંટણી રદ કરવી જોઈએ તેવી પિટિશનમાં દાદ માંગવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે તા. ૩ ઓક્ટોબરે યોજાશે 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ

## ગુજરાતના ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને રાજ્ય અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ આત્મા ફાર્મર્સ એવોર્ડ્સ એનાયત કરાશે

ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૩ ઓક્ટોબરના રોજ રાજ્ય કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા પણ વિશેષ ઉપસ્થિત રહેશે. આ સમારોહ દરમિયાન રાજ્યના કુલ ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે. જેમાં ૧૦ ખેડૂતોને રાજ્ય કક્ષાના અને ૮૩ ખેડૂતોને જિલ્લા કક્ષાના એવોર્ડ એનાયત કરાશે. આ પુરસ્કારો પૈકી ૧૫ એવોર્ડ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે, ૪૫ એવોર્ડ ફળ-ફૂલ તથા શાકભાજીની ખેતી ક્ષેત્રે, ૧૫ એવોર્ડ પશુપાલન ક્ષેત્રે અને ૮ એવોર્ડ મૂલ્ય વર્ધિત ઉત્પાદનો, પેકિંગ તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવશે.

"ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક" સુધીની કડીને સુદઢ કરવાના હેતુથી રાજ્યભરમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં નગરપાલિકા/મહાનગરપાલિકા મથકોએ ૨૪, જિલ્લા મથકોએ ૧૮ અને તાલુકા મથકોએ ૫૮ કેન્દ્રોનો સમાવેશ થાય છે. આનાથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ મળશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ બનશે.

ખેતીમાં આધુનિક સેટેલાઈટ અને જિયો-સ્પેશિયલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ખેતી નિયામકની કચેરી અને SAC-ISRO વચ્ચે MoU કરવામાં આવશે. આ ટેકનોલોજીથી ખેડૂતોને વાવેતરથી લઈને લણણી સુધીની વિવિધ એડવાઈઝરી, પાકવાર વિસ્તારનો અંદાજ, ઉત્પાદન અંદાજ અને પાક નુકસાન મૂલ્યાંકન જેવી મહત્વપૂર્ણ માહિતી સમયસર મળી રહેશે. આ ઉપરાંત, કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુક્ત અધિકારીઓને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં ૩૪ સ્થળોએ પ્રભારી મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી વાવ-થરાદ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી સુરત ખાતેના કાર્યક્રમમાં હાજર રહેશે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી હજારો ખેડૂતો ડિજિટલ માધ્યમથી પણ આ સમારોહમાં જોડાશે.

- નિતિન રથવી

ટ્રાફિક ડાયવર્ટ કરાયો

## રાજકોટ-અમદાવાદ હાઈવે પર ભાયલા બ્રિજ પર લકઝરી બસમાં ભીષણ આગ

### ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલા ભાયલા બ્રિજ ઉપર આજે એક ખાનગી લકઝરી બસમાં અચાનક ભીષણ આગ ભભકી ઉઠતાં રોડ પર અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ઘટનાની જાણ થતાં જ 112 ની ટીમે દર્શાવેલી ત્વરિત કામગીરીને કારણે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો છે.બ્રિજ પર લકઝરી બસમાંથી આગના જ્વાળામુખી જેવા ગોટા નીકળતા જોઈને ઘટનાસ્થળ નજીક કેરાળા બ્રિજ પર તહેનાત 112 (EMRS) ની PCR-1 ટીમ તુરંત જ હરકતમાં આવી ગઈ હતી. પોલીસ ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સ્થળ પર પહોંચીને સૌથી પહેલાં બસમાંથી મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવાની કવાયત હાથ ધરી હતી અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.સ્થિતિની ગંભીરતાને જોઈને 112 ની ટીમે તાત્કાલિક 'એલબી ટેક્સ'ની ફાયર ફાઈટર ટીમને કોલ કરીને સ્થળ પર બોલાવી લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. હાઈવે પર ટ્રાફિક જામ ના સર્જાય અને અન્ય વાહનચાલકો સુરક્ષિત રહે તે માટે પોલીસે તાત્કાલિક ટ્રાફિક ડાયવર્ટ કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. સમયસર મળેલી મદદના કારણે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી અને મોટી હોનારત ટળી ગઈ છે.

## ગાંધી જયંતિ નિમિત્તે ભાવનગર મંડળમાં સ્વચ્છતા હી સેવા–૨૦૨૬ અંતર્ગત વ્યાપક સ્વચ્છતા અભિયાન





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં ગાંધી જયંતિના અવસરે સ્વચ્છતા હી સેવા–૨૦૨૬ અંતર્ગત સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનજાગૃતિ સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓનું ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના નિર્દેશન હેઠળ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્માના માર્ગદર્શન તથા વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર શ્રી સંતોષ કુમાર મિશ્રાના નેતૃત્વમાં યોજાયો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મંડળ કાર્યાલયથી સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ સંબંધિત સૂત્રોચ્ચારો સાથે પ્રભાત ફેરી કાઢવામાં આવી. મંડળ રેલ પ્રબંધક કાર્યાલયના પ્રવેશદ્વારથી શરૂ થયેલી આ પ્રભાત ફેરીમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રભાત ફેરી દ્વારા સ્વચ્છતા, સ્વસ્થ જીવનશૈલી તથા પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો. ત્યારબાદ ભાવનગર પરા સ્થિત મેડિકલ કોલોની પરિસરમાં સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સાથે જ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા પરિસરમાં પણ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સામૂહિક શ્રમદાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા ખાતે મીડિયાને સંબોધિત કરતાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો તથા સ્વચ્છતાને દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાનો સંદેશ આપ્યો. કાર્યક્રમમાં ભાવનગર મંડળના ૨૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ સક્રિય ભાગ લીધો અને સ્વચ્છ, સુંદર તથા હરિત રેલવે પરિસરોના નિર્માણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ વધારવાના ઉદ્દેશથી આયોજિત ચિત્ર સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૬ વિદ્યાર્થીઓને મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ સમાજ સુધી પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ દરમિયાન ભાવનગર પરા રેલવે સ્ટેશન ખાતે સવારે ૦૮:૩૦ કલાકે વાણિજ્ય વિભાગ તથા સ્વયંસેવક જૂથ માહી ડેરીના સહયોગથી શ્રમદાન કરવામાં આવ્યું. આ અભિયાનમાં મંડળ કાર્યાલયના વાણિજ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ ઉપરાંત ભાવનગર મંડળના તમામ સ્ટેશનો, કાર્યાલયો, આરોગ્ય એકમો તથા કોચિંગ ડેપોમાં પણ આ પ્રકારના સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના અંતે અધિકારીઓ અને કર્મચારીઓએ રેલવે પરિસરોને સ્વચ્છ, સુંદર તથા પર્યાવરણને અનુકૂળ રાખવા અને સ્વચ્છતાને પોતાની દૈનિક જીવનશૈલીનો હિસ્સો બનાવવાનો સંકલ્પ લીધો. સ્વચ્છતા હી સેવા–૨૦૨૬ અંતર્ગત ભાવનગર મંડળ દ્વારા સ્વચ્છતા, જનભાગીદારી તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સતત જાગૃતિ અને સક્રિય સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

## અમેરિકામાં મૃત્યુદંડની સજા પામેલી એક કેદી બે ઘાતક ઈન્જેક્શનથી બચી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના ટેનેસીમાં મૃત્યુદંડની સજા પામેલી કેદી ક્રિસ્ટા પાઈકને ઘાતક ઈન્જેક્શન દ્વારા ફાંસી આપવાના બે પ્રયાસો નિષ્ફળ ગયા. તે બંને વખત બચી ગઈ અને બાદમાં તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી. તેની કાનૂની ટીમે કહ્યું કે પાઈક બેભાન હતી, પરંતુ તેના હૃદયના ધબકારા હજુ પણ સક્રિય હતા અને નસકોરાં સંભળાતા હતા.૫૦ વર્ષીય પાઈકને બે ઈન્જેક્શન આપ્યા બાદ હવે હોસ્પિટલમાં જીવનરક્ષક સારવાર મળી રહી છે, એમ તેમના વકીલે જણાવ્યું હતું. ૧૯ વર્ષીય કોલીન સ્લેમરની હત્યા બદલ ૧૯૯૬માં પાઈકને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. કાનૂની લડાઈ અંત સુધી ચાલી, જેમાં યુએસ સુપ્રીમ કોર્ટે આખરે ઘાતક ઈન્જેક્શન દ્વારા ફાંસીની સજાને મંજૂરી આપી.પાઈક ૧૮ વર્ષની હતી જ્યારે તેણી અને તેના બોયફ્રેન્ડ ટેડ્રિલ શિપે ૧૯ વર્ષીય સ્લેમરની હત્યા કરી હતી. તેઓ સ્લેમરને મુશ્કેલીમાં મુકાયેલા કિશોરો માટેના નોકરી તાલીમ શિબિરમાં મળ્યા હતા. ગુરુવારે સ્થાનિક સમય મુજબ રાત્રે ૮ વાગ્યે નેશવિલના રિવરબેન્ડ મેક્સિમમ સિક્યુરિટી ઈન્સ્ટિટ્યૂશનમાં ફાંસી આપવામાં આવી હતી. અહેવાલ મુજબ, પાઈકને બે ડોઝ મળ્યા હતા. ટેનેસીના મૃત્યુ દંડ પ્રોટોકોલમાં જો પ્રથમ ડોઝ મૃત્યુમાં પરિણમતો નથી, તો દવા ધરાવતી સિરીંજનો બીજો સેટ વાપરવાની જરૂર છે. જો કે, તે સ્પષ્ટ કરતું નથી કે જો વ્યક્તિ બીજા સેટ પછી બચી જાય તો શું થશે.

## કનાયડા ગામડીમાં ખેતરે જતા વૃદ્ધ પર દીપડાનો હિંસક હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલા કનાયડા ગામડી ગામે વન્યજીવના હુમલાની સનસનીખેજ ઘટના સામે આવી છે. ગામની સીમમાં ખેત મજૂરી અર્થે જઈ રહેલા એક વૃદ્ધ પર અચાનક ઝાડીઓમાંથી ધસી આવેલા હિંસક દીપડાએ હુમલો કરી દીધો હતો. વૃદ્ધ કંઈ સમજે તે પહેલાં જ દીપડો તેમની પર તૂટી પડ્યો હતો. આ અચાનક થયેલા હુમલામાં વૃદ્ધ ગંભીર રીતે ઘવાયા હતા. વૃદ્ધની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવતાં દીપડો સીમ તરફ ભાગી છૂટ્યો હતો, જેના પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. દીપડાના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ કરૂણ બનાવની જાણ થતાં જ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશ પટેલ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. તેમણે ઈજાગ્રસ્ત વૃદ્ધના ખબર-અંતર પૂછી તબીબોને યોગ્ય અને ઝડપી સારવાર આપવાની સૂચના આપી હતી. આ ઘટનાને પગલે સીમ વિસ્તારમાં ખેતીકામ કરતાં ખેડૂતો અને ખેત મજૂરોના જીવ તાળવે ચોંટી ગયા છે.બનાવ અંગેની માહિતી મળતાં જ વન વિભાગની ટુકડી તાત્કાલિક કનાયડા ગામડીની સીમમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વન વિભાગના કર્મચારીઓએ દીપડાના પગમાર્કના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## આઈફોન ખોટા મૂવમેન્ટની માહિતી આપશેઃ એપલનું AI એક્સરસાઈઝ કરાવશે જિમ ટ્રેનરની જરૂર જ નહીં રહે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

એઆઈમાં નવી શોધ સાથે મોબાઈલ ફોન હવે સ્ટેપ કાઉન્ટર, હાર્ટ રેટ, ઊંઘના સમયની ગણતરીથી પણ આગળ વધી રહ્યા છે. કંપનીઓ અવનવા ફિટનેસ ફિચર્સ ઉમેરી રહી છે.

આ શ્રેણીમાં એપલે એવું એઆઈ ડેવલપ કર્યું છે જે, એક્સરસાઈઝ કરાવશે અને જો વ્યક્તિ ખોટા મૂવમેન્ટ કરતો હશે તો તેને તે વિશે માહિતી આપશે. જિમ ટ્રેનરની પણ જરૂરત નહીં રહે.એપલના જણાવ્યા અનુસાર, તેમના વિઝન બેઝ્ડ એઆઈ મોડલ્સ હિલચાલનું વિશ્લેષણ કરીને રીયલ ટાઈમ ઓડિયો તથા વિઝુઅલ ફીડબેક આપશે.આ પ્રક્રિયામાં વ્યક્તિના વીડિયો રેકોર્ડ કે સ્ટોર કે શેર નહીં કરવામાં આવશે.

વીડિયોનો ઉપયોગ ફક્ત એનાલિસીસ કરવા માટે જ કરાશે. તે કહેશે કે, અપર બોડીમાં ફ્લેક્સિબિલીટી છે કે નહીં. લોવર બોડી માટે કંઈ કસરત કરવાની જરૂર છે.તેના બેલેન્સ ટેસ્ટમાં એક પગ પર ઊભા રહેવા જેવી કસરતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે, શરીરની સ્ટ્રેન્થ જાણવા માટે પુશ-અપ્સ, પ્લેન્ક અને ચેર પર ઊભા થવા જેવી મૂવમેન્ટ્સનો ઉપયોગ કરવામાં આવે છે. તેનું હેલ્થ એજ ફીચર યુઝરના તમામ પાસાઓને ધ્યાને રાખીને કહેશે કે, વ્યક્તિની સાચી ઉંમરની સરખામણીમાં તેના શરીરની ઉંમર શું છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

અધિકારીઓ અને કર્મચારીઓએ સાથે મળીને સ્વચ્છતાનો કીર્તિમાન રચ્યો, કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અંતર જેટલો રેલવે ટ્રેક સ્વચ્છ થયો

# અમદાવાદ મંડળમાં 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'નું આયોજન, લગભગ ૩,૦૦૦ કિમી રેલવે ટ્રેકની એક જ દિવસમાં સફાઈ

મહાત્મા ગાંધી જયંતીના અવસર પર સ્વચ્છતા પખવાડિયા-૨૦૨૬ અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'નું વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું.અભિયાન અંતર્ગત મંડળના લગભગ ૩,૦૦૦ કિલોમીટર રેલવે ટ્રેકની એક જ દિવસમાં સફાઈ કરવામાં આવી, જે લગભગ કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અંતર જેટલું છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી અમદાવાદ મંડળના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓએ સાથે મળીને એક જ દિવસમાં લગભગ ૩,૦૦૦ કિલોમીટર રેલવે ટ્રેકની સફાઈ કરીને સ્વચ્છતા અભિયાનમાં વ્યાપક ભાગીદારીનો કીર્તિમાન સ્થાપિત કર્યો. આ પ્રસંગે સાબરમતી રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, સ્વચ્છતા પ્રહરીઓ તથા સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સના સભ્યોને સ્વચ્છતાની શપથ લેવડાવી હતી. સૌએ સ્વચ્છ રેલવે પરિસર, સ્વચ્છ ટ્રેક તથા સ્વચ્છ રેલવેના સંકલ્પને સાકાર કરવા તેમજ સ્વચ્છતા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો. આ અભિયાન અંતર્ગત મંડળના તમામ સ્ટેશન માસ્ટર અને સુપરવાઈઝર, સફાઈ કર્મચારીઓ તેમજ અન્ય રેલવે કર્મચારીઓ દ્વારા પોતાના હોમ સ્ટેશનથી આગળના સ્ટેશન સુધીના ટ્રેક તથા સ્ટેશન પરિસરની સાફ-સફાઈમાં સક્રિય ભાગીદારી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની બાજુના વિસ્તારોમાં એકસાથે શ્રમદાન અને વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.



અમદાવાદ મંડળમાં 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન' અંતર્ગત આયોજિત શ્રમદાન અને સ્વચ્છતા પ્રવૃત્તિઓની ઝલક

અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર પણ આજે વ્યાપક સ્તરે સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, સાબરમતી, વિરમગામ, માલિયા મિયાણા, રાધનપુર, ધ્રાંગધ્રા, મહેસાણા, પાલનપુર, ભુજ, ગાંધીધામ, અસારવા તથા હિંમતનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ, હેલ્થ યુનિટ તેમજ ટ્રેકસાઈડ વિસ્તારોમાં રેલવે કર્મચારીઓ અને અન્ય સહભાગી સમૂહો દ્વારા વિશેષ સાફ-સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

આ સ્વચ્છતા અભિયાનમાં રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો, રેલવે સુરક્ષા દળ, સ્કાઉટ અને ગાઈડ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય સહભાગી સમૂહોએ સક્રિયપણે ભાગ લીધો હતો. શ્રમદાનના માધ્યમથી સ્વચ્છતાને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલવેના પરિચાલનને પ્રભાવિત કર્યા વિના તેમજ રનિંગ લાઈનોની નજીક નિર્ધારિત સુરક્ષા સાવચેતીઓનું પાલન કરીને તમામ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા પખવાડા-૨૦૨૬ અંતર્ગત ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ સુધી અમદાવાદ મંડળમાં વિવિધ સ્વચ્છતા અને જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી કાર્યક્રમો અંતર્ગત ૩ થી ૫ ઓક્ટોબર સુધી મુખ્ય સ્થળોએ સઘન સફાઈ અભિયાન, ૬ થી ૮ ઓક્ટોબર દરમિયાન ટ્રેકસાઈડ તથા જૂના પડતર કચરાની સફાઈ, ૯ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન બિનજરૂરી પોસ્ટર, બેનર તથા ગુટખાના ડાઘ દૂર કરવાનું અભિયાન તેમજ ૧૧ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૨૬ના પાલન અને જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છતા પખવાડા-૨૦૨૬ના માધ્યમથી રેલવે પરિસરો, ટ્રેક, સ્ટેશનો તેમજ આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતાને વધુ સુદૃઢ બનાવવાની સાથે-સાથે મુસાફરો, રેલવે કર્મચારીઓ અને સામાન્ય જનતામાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન' સ્વચ્છ રેલ, સ્વચ્છ ટ્રેક અને સ્વચ્છ રેલવેનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા તેમજ સ્વચ્છતાને જનભાગીદારીનો અભિન્ન હિસ્સો બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

# ૧૩ કરોડ નામો ડ્રાફટ મતદાર યાદીમાંથી રદ કરાયા બાદ ચુંટણીપંચનો મોટો નિર્ણય : એસઆઈઆર પૂર્ણ થયેલા ૨૦ રાજયોમાં રહી ગયેલા મતદારોને શોધવા ખાસ ઝુંબેશ

## ૨૦ રાજયોમાં ઘરે ઘરે તપાસી ફોર્મ-૬ મારફતે ફરી નોંધણી કરાવાશેઃ જુની અને નવી યાદી સરખાવીને નામ શોધાશેઃ રાજકીય પક્ષોના બુથ લેવલ એજન્ટોની પણ મદદ લેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશભરમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીજન (એસઆઈઆર) દરમિયાન ડ્રાફટ મતદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ નામો રદ કરાયા બાદ ચુંટણીપંચે હવે સુધારાનો પ્રયાસ શરૂ કર્યો છે.

એસઆઈઆર પૂર્ણ થઈ ચુકેલા ૨૦ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રહી ગયેલા મતદારો તેમજ પ્રથમ વખત મતદાર બનવા પાત્ર યુવાનોની નોંધણી માટે ખાસ ડ્રાઈવ ચલાવવાનો આદેશ અપાયો છે.

આ માટે હવે વધારાના એસઆઈઆર સવાલ વગરના સામાન્ય ફોર્મ ૬ નો ઉપયોગ થશે, ૨૯ સપ્ટેમ્બરના પત્રમાં તમામ રાજયના મુખ્ય ચુંટણી અધિકારીઓ ને આ સુચનાઓ અપાઈ હતી અને ગુરૂવારે તમામ સીઈઓ સાથેની વિડીયો કોન્ફરન્સમાં ફરી જાણ કરાઈ હતી.

અધિકારીઓને એસઆઈઆર પહેલા અને પછીની મતદાર યાદી સરખાવીને કાઢી નાખવામાં આવેલા નામોની યાદી બનાવવા અને કોઈ મતદાર રહી ગયો હોય તો તેને ઓળખવા જણાવાયુ છે. જે મતદારો અન્યત્ર મેપ્ડ ન હોય, ડુપ્લીકેટ ન હોય કે મૃત્યુ પામેલા ન હોય, તેમના ઘરે જઈ ફોર્મ ૬ ભરાવવાની સુચના અપાઈ છે. આ માટે રાજયકીય પક્ષો અથવા તેમના બુથ લેવલ એજન્ટોની મદદ લેવાનુ પણ કહેવામાં આવ્યુ છે. આ પગલુ એવા સમયે લેવાયુ છે જયારે ૩૦ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ડ્રાફટ યાદીમાંથી આશરે ૧૩ કરોડ નામો દુર થવા અંગે ચુંટણીપંચની કામગીરી સામે સવાલો થઈ રહ્યા છે. એક અહેવાલ મુજબ ચુંટણી કમિશ્નર સુખબીરસિંહ સંધુ અને વિવેક જોષીએ ૧૦ મહિનામાં ૧૪ વખત કમિશનના નામે લેવાયેલા નિર્ણય સામે વાંધો નોંધાવ્યો હતો, તેમાં મતદારો માટેના ફોર્મ ૬ માં ફેરફાર અને મતદાર યાદી તૈયાર કરવા તથા જાળવવા માટેના સોફટવેર ના કેન્દ્રીકરણનો મુદ્દો સામેલ હતો. જુલાઈમાં ઓનલાઈન ફોર્મ ૬ માં



અરજદાર અથવા તેના માતા પિતા અગાઉની એસઆઈઆર બાદની મતદાર યાદીમાં હતા કે નહી તે અંગેનો સવાલ ઉમેરાયો હતો અને તેનો જવાબ આપ્યા વિના ફોર્મ સબમીટ થઈ શકતુ ન હતુ, ૧૮ વરસના એવા યુવાન માટે આ મુશ્કેલી ઉભી થતી હતી. જેના માતા પિતાના નામ જ યાદીમાંથી દુર થઈ ગયા હોય, જેમાં બંને ચુંટણી કમિશ્નરોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સંધુ એ ઓગસ્ટમાં ફેરફાર ને ગેરકાયદે ગણાવ્યો હતો, હવે ૨૯ સપ્ટેમ્બરના પત્રમાં આ ઘોષણાપત્રને એસઆઈઆર તબકકા પુરતી મર્યાદીત કરવામાં આવી છે. ગોવા માં ૯૭ મતદારોનો મામલો પણ બહાર આવ્યો હતો. તેઓ ડ્રાફટ તબકકે કાઢી નાખવામાં આવ્યા હતા, દસ્તાવેજો આપ્યા બાદ ઈઆરઓ દ્વારા પાત્ર ઠરાવાયા, પરંતુ ચુંટણીપંચ માં નામ પાછુ લાવવાનો વિકલ્પ ન મળતા અંતિમ યાદીમાંથી પણ બહાર રહી ગયા હતા.

મંત્રી સહિત વિવિધ મહાનુભાવોએ મોતીપુરા વિસ્તાર અને કલેકટર કચેરી કમ્પાઉન્ડ માં શ્રમદાન કર્યુ

# ગાંધીજયંતિ નિમિત્તે હિંમતનગર ખાતે પ્રભારી મંત્રી એ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અને પુષ્પ અર્પણ કરી પુષ્પાંજલી આપી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ગાંધીજયંતિ નિમિત્તે શિક્ષણમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી ની ઉપસ્થિતિમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત એક દિવસ એક કલાક એક સાથેના વિકલ્પ સાથે હિંમતનગરના મોતીપુરા વિસ્તાર તેમજ કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો.



આ પ્રસંગે મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ મોતીપુરા ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અને પુષ્પ અર્પણ કરી પુષ્પાંજલી આપી હતી. ત્યારબાદ મંત્રી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની શ્રમદાન કર્યુ હતું. આ દરમિયાન ઉપસ્થિત સૌએ જય જવાન જય કિસાન અને મહાત્મા ગાંધીજી અમર રહો, જેવા પ્રેરણાદાયી સુત્રોચ્ચાર કરી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા લાલ બહાદુરશાસ્ત્રીજીના રાષ્ટ્ર સેવા, સત્ય, અહિંસા, સાદગી અને સ્વચ્છતા ના આદર્શોને યાદ કર્યા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં ગાંધીજયંતિ ઉજવણી કરવામાં આવી હતી. સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સાદગીના સંદેશને જીવનમાં ઉતારનાર ગાંધીજીના વિચારો આજે પણ સૌને પ્રેરણા આપે છે. આ સાથે દેશના પુર્વ વડાપ્રધાન અને સાદગી, નિષ્ઠા તથા રાષ્ટ્ર સેવાના પ્રતિક એવા લાલ બહાદુરશાસ્ત્રીજીની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી. બંને મહાનુભાવોના આદર્શો દેશવાસીઓને રાષ્ટ્રનિર્માણ, સ્વચ્છતા અને જવાબદારીની ભાવના સાથે આગળ વધવા પ્રેરીત કરે છે. મંત્રીએ સફાઈ કર્મચારીઓનુ સન્માન કરી સ્વચ્છતા જાળવવામાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ, સાંસદ શ્રી શોભનાબેન બારૈયા, ધારાસભ્ય, નગરપાલિકા પ્રમુખ અરૂણાબેન કડીયા, જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસવડા, અગ્રણી કનુભાઈ પટેલ, અધિક નિવાસી કલેકટર શ્રી કિષ્ણા વાઘેલા, પ્રાંત અધિકારી સહિત વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનસુખ વસાવાની જીભ લપસીઃ ૨૦૦૦-૧૯૪૭ સુધીમાં દેશને વિકસિત ભારત બનાવાશેઃ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ દેશના વિકાસની નવી તારીખ જાહેર કરીઃ વસાવાએ સંઘવીને બનાવી દીધા મુખ્યમંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પને લઈને ભાષણ દરમિયાન સાંસદ મનસુખ વસાવાના મોઢે થી વર્ષનો ઉચ્ચાર થોડો અલગ રીતે થઈ ગયો, ૨૦૪૭ સુધીમાં કહેવાના બદલે ૨૦૦૦-૧૯૪૭ સુધીમાં એવો ઉલ્લેખ થતા હવે તેમના નિવેદનનો વિડીયો ચર્ચામાં આવ્યો છે. વિકાસનુ લક્ષ્ય તો ૨૦૪૭ સુધીનુ જ છે. પરંતુ સાંસદ મોઢેથી નિકળેલી નવી તારીખ એ સોશીયલ મીડીયા પર કટાક્ષ માટેનો મુદ્દો જરૂર આપી દીધો છે.

જંગલ જમીનના મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી રહેલા સાંસદ મહાશય ઉતાવળ અને ઉત્સાહમાં હોદ્દાઓ જ ભુલી ગયા, ડે.મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને તેમણે જાહેરમાં જ સીધા મુખ્યમંત્રી બનાવી દીધા, રાજકારણમાં નેતાઓની આવા પ્રકારની જીભ લપસવી અવાર-નવાર જોવા મળે છે. આ પણ જાહેરમાં ડે.સીએમ નો પ્રમોશન લેવલનો હોદ્દો બદલી નાખવાની આ ભુલે ઉપસ્થિત લોકોમાં કટાક્ષભરી ચર્ચા જગાવી દીધી છે. સાહેબની આ અજાણતા થયેલી ભુલ હતી કે પછી ઉતાવળનુ પરીણામ, પણ તેમના આ નિવેદને રાજકીય ગલીયારામાં હળવી મુશ્કાન અને ચર્ચાનો ગરમાવો ચોકકસ લાવી દીધો હતો. નર્મદા જિલ્લાના સાગબારા વિસ્તારમાં જંગલ જમીનના ખેડાણ અને હકક ના મુદ્દે ફરી એકવાર રાજકીય અને સામાજિક ગરમાવો જોવા મળી રહ્યો છે. સાગબારાના ખોપી ખાતે આજે ૨ ઓકટોબર થી જંગલ જમીનના પ્રશ્ને સત્યાગ્રહ આંદોલન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ વચ્ચે સાંસદ મનસુખ વસાવાનુ મહત્વનુ નિવેદન સામે આવ્યુ હતું. તેમણે જંગલ જમીનના પ્રશ્નના ઉકેલ માટે રાજય સરકાર દ્વારા જ કાર્યવાહી કરવામાં આવશે તેવી વાત કરી હતી.



ભરૂચમાં આયોજીત વિકસિત ભારત ૨૦૪૭ કાર્યક્રમ દરમિયાન નિવેદન આપતા મનસુખ વસાવાએ જંગલ જમીનના વિવાદ અંગે પોતાનુ વલણ રજુ કર્યુ હતું. તેમણે વનવિભાગ, આદિવાસી વિકાસ વિભાગ અને જિલ્લા કલેકટર કચેરી વચ્ચે પુરતુ સંકલન ન હોવાનો દાવો કર્યો હતો. સાંસદ ના કહેવા પ્રમાણે અલગ અલગ વિભાગો વચ્ચે સંકલનના અભાવને કારણે સ્થાનિક આદિવાસી ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ લાવવામાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. સાગબારા ખોપી વિસ્તારમાં જંગલ જમીન પર ખેડાણના અધિકારને લઈને વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો છે. અગાઉ પણ આ મુદ્દે આદિવાસી ખેડુતો અને વનવિભાગ વચ્ચે સામ સામે આવવાની ઘટનાઓ બની ચુકી છે. સપ્ટેમ્બર મહિનામાં ખોપી ગામની વિવાદીત જમીન પર ખેડાણ અને વનવિભાગ દ્વારા રોપા રોપવાની કામગીરીને લઈને બંને પક્ષો વચ્ચે તણાવ સર્જાયો હતો. ઓગસ્ટમાં પણ સાગબારા વિસ્તારમાં આદિવાસી ખેડુતો દ્વારા લાંબો ધરણા કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ રાજય સરકારના પ્રતિનિધિઓની હાજરીમાં આંદોલન સમેટવામાં આવ્યુ હતું અને જંગલ જમીનના દાવાઓ અંગે આગળની પ્રક્રિયા હાથ ધરવાની વાત કરવામાં આવી હતી. જો કે ત્યારપછી પણ કેટલાક વિસ્તારોમાં ખેડુતો અને વિભાગ વચ્ચે ખેતીના અધિકારને લઈને વિવાદ યથાવત રહ્યો છે.

# અમદાવાદ મંડળ પર કેટલીક ટ્રેનોના સમયમાં આંશિક ફેરફાર

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા સંચાલન સંબંધિત કારણોસર કેટલીક ટ્રેનોના સમયમાં આંશિક ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન સંખ્યા ૨૦૯૮૮ અસારવા–ઉદયપુર સિટી સુપરફાસ્ટ એક્સપ્રેસના સમયમાં ૦૪ ઓક્ટોબર ૨૦૨૬થી ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન અસારવાથી ૦૬:૫૦ વાગ્યાના સ્થાને ૧૦ મિનિટ વહેલી એટલે કે ૦૬:૪૦ વાગ્યે ઉપડશે તથા ૦૬:૪૫ વાગ્યે સરદારગ્રામ, ૦૬:૪૯ વાગ્યે નરોડા, ૦૭:૦૫ વાગ્યે નાંદોલ દહેગામ, ૦૭:૨૭ વાગ્યે તલોદ, ૦૭:૪૦ વાગ્યે પ્રાંતિજ, ૦૮:૧૮ વાગ્યે હિંમતનગર પહોંચીને ઉદયપુર સિટી ખાતે ૧૨:૧૦ વાગ્યે પહોંચશે.

૨. ટ્રેન સંખ્યા ૨૦૯૮૭ ઉદયપુર સિટી–અસારવા સુપરફાસ્ટ એક્સપ્રેસના સમયમાં ૦૩ ઓક્ટોબર ૨૦૨૬થી ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન ઉદયપુર સિટીથી ૧૬:૦૫ વાગ્યાના સ્થાને ૧૫ મિનિટ મોડી એટલે કે ૧૬:૨૦ વાગ્યે ઉપડશે તથા હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, નાંદોલ દહેગામ, નરોડા અને સરદારગ્રામ સ્ટેશનો પર સુધારેલા સમય મુજબ સંચાલિત થશે તથા અસારવા ખાતે ૨૧:૪૫ વાગ્યે પહોંચશે.

૩. ટ્રેન સંખ્યા ૧૯૮૨૧ અસારવા–કોટા દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસના સમયમાં ૦૩ ઓક્ટોબર ૨૦૨૬થી ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન અસારવાથી ૦૮:૫૫ વાગ્યાના સ્થાને ૧૦ મિનિટ વહેલી એટલે કે ૦૮:૪૫ વાગ્યે ઉપડશે તથા સરદારગ્રામ સ્ટેશન પર ૦૮:૫૦/૦૮:૫૨ વાગ્યે, નાંદોલ દહેગામ ખાતે ૦૯:૧૮/૦૯:૨૦ વાગ્યે, હિંમતનગર ખાતે ૧૦:૨૩/૧૦:૨૫ વાગ્યે પહોંચશે.

૪. ટ્રેન સંખ્યા ૧૯૩૧૫ ઈન્દોર–અસારવા વીરભૂમિ એક્સપ્રેસના સમયમાં ૦૩ ઓક્ટોબર ૨૦૨૬થી ફેરફાર કરવામાં આવ્યો છે. હિંમતનગર સ્ટેશન પર આ ટ્રેન ૦૮:૪૫/૦૮:૪૭ વાગ્યે, પ્રાંતિજ સ્ટેશન પર ૦૯:૦૬/૦૯:૦૮ વાગ્યે તથા તલોદ સ્ટેશન પર ૦૯:૧૧/૦૯:૧૩ વાગ્યે પહોંચશે.

૫. ટ્રેન સંખ્યા ૨૦૧૭૮ આગ્રા કેન્ટ–અસારવા સુપરફાસ્ટ એક્સપ્રેસના સમયમાં ૦૩ ઓક્ટોબર ૨૦૨૬થી ફેરફાર કરવામાં આવ્યો છે. હિંમતનગર સ્ટેશન પર આ ટ્રેનનો સમય ૦૯:૨૦/૦૯:૨૨ વાગ્યે રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. ટ્રેનોના સ્ટોપેજ, આગમન/પ્રસ્થાન સમય સહિતની અન્ય અદ્યતન માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને **www. enquiry. indianrail.gov.in** પર જઈને માહિતી મેળવી શકે છે.

# અમદાવાદમાં નવરાત્રી ગરબા આયોજકો માટે ફાયર વિભાગની કડક ગાઈડ લાઈનઃ એસી ડોમ માટે એનઓસી અને ટેમ્પરરી સર્ટીફિકેટ ફરજીયાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેલૈયાઓના પ્રિય એવા નવરાત્રી મહોત્સવને હવે આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે અમદાવાદ મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા ગરબા ના આયોજકો માટે અત્યંત કડક અને મહત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. મોટાપાયે યોજાતા ગરબા મહોત્સવમાં કોઈ દુર્ઘટના ન ઘટે અને ખેલૈયાઓની સુરક્ષા સચવાય તે હેતુથી ફાયર વિભાગે તમામ નિયમોનુ અક્ષરશઃ પાલન કરવાનો આદેશ આપ્યો છે. નિયમોનુ ઉલ્લંઘન કરનાર આયોજકો વિરૂધ્ધ આકરા પગલા ભરવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.



ફાયર વિભાગની નવી માર્ગદર્શિકા મુજબ એર કંન્ડીશન્ડ (એસી) ડોમ બનાવીને ગરબાનુ આયોજન કરતા આયોજકો માટે ફાયર વિભાગનુ (એનઓસી-નો ઓબ્જેકશન સર્ટીફિકેટ) લેવુ ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. આ ઉપરાંત ગરબા સ્થળ પર ફાયર સેફટીના સાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ટેમ્પરરી ફાયર સેફટી સર્ટીફિકેટ મેળવવુ પણ અનિવાર્ય રહેશે.

ફાયર સેફટી વિના ગરબાનુ આયોજન કરવાની મંજુરી આપવામાં આવશે નહી, આગની ઘટનાઓ રોકવા માટે વિશેષ સાવચેતીના ભાગરૂપે એસી ડોમમાં પથરાયેલી કારપેટ અને પંડાલના પડદા ઉપર ફાયર રીટાર્ડન્ટ સ્પ્રે કરવો ફરજીયાત કરાયો છે. કોઈ આકસ્મિક બનાવ વખતે ખેલૈયાઓ સુરક્ષિત રીતે બહાર નિકળી શકે તે માટે એસી ડોમમાં પુરતા પ્રમાણમાં ઈમરજન્સી એકિઝટ (આપાતકાલીન બહાર નિકળવાના ) ગેટ રાખવાની સુચના પણ આપવામાં આવી છે, શોર્ટસર્કિટના જોખમને ટાળવા માટે વિજળીના વપરાશ અંગે પણ આકરા નિયમો જારી કરાયા છે.

પાવર બેકઅપ માટે વપરાતા જનરેટરને ગરબા સ્ટેજ અને મંડપ થી ઓછામાં ઓછા ૧૦૦ મીટર દુર રાખવા આદેશ કરાયો છે. ઈલેકટ્રીક વાયરીંગ માટે માત્ર અને માત્ર ગુણવત્તાયુકત પીવીસી વાયરીંગનો ઉપયોગ કરવો ફરજીયાત રહેશે,

નવરાત્રી દરમિયાન ફાયર વિભાગની ટીમ દ્વારા વિવિધ ગરબા સ્થળો પર સતત અને સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવશે. આ ચેકીંગ કામગીરી દરમિયાન પારદર્શિતા જાળવવા માટે સમગ્ર પ્રક્રિયાની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવશે. જો ચેકીંગ દરમિયાન કોઈ આયોજકની બેદરકારી બહાર આવશે અથવા ફાયર સેફટીના નિયમોનુ અનાદર થયેલુ જણાશે તો તેમની સામે તાત્કાલીક ધોરણે આકરા કાનુની એકશન લેવામાં આવશે.

# હવે ઘર બનાવવું મોંઘું થશે! ટાઈલ્સના ભાવમાં એકઝાટકે ૧૨% નો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

ગેસ, કોલસા અને વીજળીના વધતા ખર્ચે મોરબીના સિરામિક ઉદ્યોગનું ગણિત ખોરવી નાખ્યું છે. ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થતાં ટાઈલ્સ ઉત્પાદકોએ હવે તેનો બોજ ગ્રાહકો પર નાખ્યો છે. વિટ્રીફાઈડ ટાઈલ્સના ભાવમાં પ્રતિ સ્કવેર ફૂટ રૂ. ૩.૫૦ અને વોલ ટાઈલ્સમાં પ્રતિ બોક્સ રૂ. ૨૦ એટલે કે અંદાજીત ૧૨ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ફ્લોર ટાઈલ્સના ભાવ અંગે હજુ નિર્ણય લેવાયો નથી. જોકે આ ભાવ વધારાને કારણે બાંધકામનો ખર્ચ વધશે તેવી શકયતા છે. જેની અસર સીધી લોકોના બજેટ પર થશે. મોરબીમાં ૨૫૦ વિટ્રીફાઈડ ટાઈલ્સ યુનિટો કાર્યરત છે. આ એકમો દ્વારા સર્વાનુમતે ભાવવધારાનો નિર્ણય લેવાયો હોવાનું ઉદ્યોગસૂત્રોએ જણાવ્યું છે.

# ગરીબ દીકરીઓને દાન કરવાના નામે સોની સાથે ૧.૭૯ કરોડની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાણીપના 'પાયલ જ્વેલર્સ'ના વેપારીને ગરીબ દીકરીઓને સોના-ચાંદીના દાગીના દાનમાં આપવાના બહાને ૧.૭૯ કરોડનો ચૂનો લગાવ્યાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઈ છે. નારણપુરામાં રહેતા જયેશભાઈ શાહ રાણીપમાં 'પાયલ જ્વેલર્સ' નામે સોના-ચાંદીનો વેપાર કરે છે. ઑક્ટોબર ૨૦૨૪માં તેમનો સંપર્ક અમરાઈવાડીમાં રહેતા જયેશ રાઠોડ સાથે થયો હતો. જયેશ રાઠોડે પોતે સામાજિક કાર્યકર હોવાનું અને એક સંસ્થા ચલાવતો હોવાનું જણાવ્યું હતું. તેણે વેપારીને કહ્યું હતું કે તેની સંસ્થા મારફતે ગરીબ દીકરીઓને સોના-ચાંદીના દાગીના દાનમાં આપવામાં આવે છે. જયેશ રાઠોડે નિયમિત રીતે દાગીના ખરીદવાની વાત કરી શરૂઆતમાં રોકડમાં નાણાં ચૂકવી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. આ રીતે લગભગ એક વર્ષના ગાળામાં તેણે ટુકડે-ટુકડે કુલ ૨.૮૬ કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદ્યા હતા. તેની સામે તેણે માત્ર ૧.૦૭ કરોડ ચૂકવ્યા હતા અને ૧.૭૯ કરોડની રકમ બાકી રહી હતી.જયેશભાઈએ બાકી રકમની ઉઘરાણી કરતાં જયેશ રાઠોડ અવારનવાર બહાનાં કાઢતો હતો. વેપારીએ દાગીનાના હિસાબ અને બિલ ઈમેલ મારફતે મોકલીને પણ નાણાંની ઉઘરાણી ચાલુ રાખી હતી. તેમ છતાં લાંબા સમય સુધી બાકી રકમ ચૂકવવામાં ન આવતાં અંતે જયેશભાઈ શાહે જયેશ રાઠોડ વિરુદ્ધ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્યો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 દ્વારા ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક: BCT/26-27/174 તારીખ 29/09/2026 બહાર પાડવામાં આવી છે. કામ અને સ્થળ: (1) મુંબઈ સેન્ટ્રલ કારશેડ ખાતે વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા પૂરી પાડવી. (2) મહાલક્ષ્મી: મહાલક્ષ્મી RPF કોલોની ખાતે પાણી પુરવઠા નેટવર્કમાં સુધારો. (3) મુંબઈ સેન્ટ્રલ કારશેડ: લાઈન નં. 3 થી 8 ની ઉત્તર બાજુએ જૂની RCC ટ્રસ બાજુ જૂની અને ક્ષતિગ્રસ્ત વેલી ગટર, રૂફ શીટ અને NLG બદલવા તેમજ જૂના અને અસુરક્ષિત પ્રીકાસ્ટ ટ્રસ સભ્યોને મજબૂત કરવા. કામનો અંદાજિત ખર્ચ: ₹8,08,16,792.97/- EMD: ₹16,16,300/- સબમિશન તારીખ અને સમય: તા. 27.10.2026 ના રોજ 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: તા. 27.10.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો: 0654

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**પિટ-લેસ ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેઈબ્રિજ (EIMWB)નું પ્રોક્યોરમેન્ટ (સંપૂર્ણ સપ્લાય, સ્થાપન અને કમિશનિંગ)**

ભારતના રાષ્ટ્રપતિ વતી વરિષ્ઠ મંડળ સામગ્રી પ્રબંધક (Sr. DMM), અમદાવાદ દ્વારા સામગ્રીના પુરવઠા માટે નીચે મુજબનું ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે: **સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન:** અમદાવાદ મંડળના વિવિધ સ્થળોએ CAMC સહિત પિટ-લેસ ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેઈબ્રિજ (EIMWB)ની ખરીદી (સંપૂર્ણ સપ્લાય, સ્થાપન અને કમિશનિંગ). **જથ્થો:** 7 **ટેન્ડર બંધ થવાની તારીખ:** 23.10.2026 ખરીદી સંબંધિત પ્રતિબંધો અને ટેન્ડરની વિગતવાર શરતો ધરાવતી ટેન્ડર સૂચના માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** પર મુલાકાત લો. મેન્યુઅલ ઓફર પર વિચારણા કરવામાં આવશે નહીં.

ADI 178

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# તહેવારોની શરૂઆત માં જ જનતાને કમરતોડ મોંઘવારીની ભેટ?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમાં જ્યારે મોંઘવારીએ માઝા મુકી હોય અને જનતાને ઘરના બે છેડા ભેગા કરવા કમરતોડ મહેનત કરવી પડતી હોય એવા સમયે સામા તહેવારો એ કેન્દ્રની સરકારે જનતાને આપી છે કમરતોડ મોંઘવારીની ભેટ આ વણ જોઈતી ભેટમાં પહેલા અનાજ, તેલ, ખાંડ, ગોળ, કઠોળ પછી ઈએમઆઈ નો ચાર્જ અને હવે બાકી હતું તે કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ઉપર રૂપિયા ૬૨.૫૦ પૈસા વધારી મરતાને મારવાનું પાપ કર્યું છે.

આમ પણ પ્રજા ૨૦૧૪ થી આજ સુધી રોજેરોજ નવા નવા ફતવા જેવા નિયમોથી એટલી તંગ આવી ગઈ છે ત્યારે આ મોંઘવારી નો વધારાનો માર હવે ક્યાં સુધી પ્રજા સહન કરશે ? એની (પ્રજાની) સહનશિલતાની પણ એક લિમીટ હોય છે. એને દિલ્હીની કેન્દ્ર સરકારમાં બેઠેલા એકહથ્થુ સત્તા ચલાવનારાઓએ ગંભીરતાથી સમજવું જોઈએ. નહિતર આવનારો સમય કદાચ પ્રજાનો આક્રોશ આખા દેશના ખૂણે ખૂણાનો આક્રોશ ના બની જાય એ પણ સવાલ છે. દિલ્હીમાં ૧૯ કીલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં વધેલા રૂપિયા ૬૨.૫૦ પૈસા સાથે નવો ભાવ ૧ લી ઓકટોબરથી રૂપિયા ૨૮૧૦.૦૦ થઈ ગયો છે. જ્યારે ઘરેલુ રસોઈ ગેસના ૧૪ કીલો ના બોટલમાં કોઈ ફેરફાર કરાયો નથી. આ મોંઘવારી થી લોકોના બજેટ માં શિક્ષણ, સ્વાસ્થ્ય, ભાડાં અને દેવા વધ્યા, ગ્રામીણ જનતા પણ હવે ઈએમઆઈ ના ભરોસે, આર્થિક અસમાનતા વધી છે. જ્યારે એક રિપોર્ટ મુજબ ૪૮ ટકા ગ્રાહકોએ બિનજરૂરી વસ્તુઓની ખરીદી કરવાની ઘટાડી છે. દેશમાં આર્થિક અસમાનતા પણ વધી છે. એક તરફ વધુ આવકવાળા ગ્રાહકોની આર્થિક સ્થિતિ અને ખર્ચ કરવાની ક્ષમતા વધુ સારી થઈ છે, બીજી તરફ ઓછી આવકવાળા પરિવારો પર મોંઘવારીનું દબાણ વધ્યું છે. જે દેશની કારમી મોંઘવારી નો ચિતાર રજુ કરે છે.

### શિક્ષકોની ભરતીમાં અનામત, સસ્પેન્શન અને શાળાઓ બંધ કરવા અંગે કડક નિયમો

# ગુજરાતમાં શિક્ષણ વિભાગમાં કાયદો કડક બનાવાયો : ગેરકાયદે શાળા ચલાવશો કે નિયમ વિરૂધ્ધ ભરતી કરશો તો ૧૫ લાખ સુધીનો દંડ અને બે વરસની કેદ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં શિક્ષણ વ્યવસ્થાને વધુ પારદર્શક, ગુણવત્તાસભર અને નિયમિત બનાવવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુકેશન એકટમાં કરવામાં આવેલા નવા સુધારાઓના અમલ માટે સરકારે અધિકૃત નોટીફીકેશન બહાર પાડી દીધુ છે.




આ નવા નિયમોના અમલીકરણથી ખાસ કરીને સરકારી ગ્રાન્ટ મેળવતી ખાનગી (ગ્રાન્ટેડ) શાળાઓ અને ખાનગી શિક્ષણ સંસ્થાઓનુ વધુ સ્પષ્ટ અને કડક બનશે. નવા કાયદાકીય પ્રાવધાન હેઠળ શિક્ષણ વિભાગે બિનઅધિકૃત રીતે ચાલતી શાળાઓ અને ગેરકાયદેસર ભરતીઓ સામે લાલ આંખ કરી છે. મંજુરી વગર ચાલતી અનધિકૃત શાળાઓ તેમજ નિયમોનો ભંગ કરીને કરવામાં આવતી સ્ટાફ ભરતી સામે આકરા દંડ અને જેલ ની જોગવાઈ કરવામાં આવી છે. આ નિયમોના ભંગ બદલ સંચાલકો વિરૂધ્ધ રૂપીયા ૧૦ લાખ થી લઈને રૂપીયા ૧૫ લાખ સુધીનો ભારે દંડ તેમજ ૧ વરસ થી ૨ વરસ સુધીની કેદની સજા ફટકારવામાં આવશે.

સુધારા મુજબ શાળાઓમાં શિક્ષકો, આચાર્યો અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી તથા તેમની લાયકાતો સંદર્ભે સરકાર પોતે નિયમો બનાવી શકશે.

ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતી પ્રક્રિયા દરમિયાન રાજયની અનામત નીતી નુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

આ ઉપરાંત શાળા સંચાલકો હવે શિક્ષક કે આચાર્યને મનસ્વી રીતે સસ્પેન્ડ નહી કરી શકે, તેના માટે શિક્ષણ બોર્ડની પૂર્વ મંજુરી લેવી અનિવાર્ય બનાવવામાં આવી છે. સાથોસાથ શાળા બંધ કરવા માટે પણ ચોકકસ નિર્ધારીત પ્રક્રિયા અનુસરીને બોર્ડની મંજુરી મેળવવી ફરજીયાત કરવામાં આવી છે.

# ગુજરાત પોલીસમાં નવરાત્રી પહેલા થશે ફેરફારો? ૩ શહેરોના સીપી બદલાશે: રેન્જ આઈજી થી એસપી સુધી થશે ફેરફારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પોલીસતંત્રમાં આગામી દિવસોમાં મોટા પાયે ફેરફાર થવાની ચર્ચા તેજ બની છે. નવરાત્રી આસપાસ રાજયમાં સીનીયર આઈપીએસ અધિકારીઓની બદલીનુ મોટુ લીસ્ટ બહાર આવી શકે તેવી ચર્ચા પોલીસ બેડામાં ચાલી રહી છે. ખાસ કરીને રાજકોટ, વડોદરા અને સુરત શહેરના પોલીસ કમિશ્નર સ્તરે ફેરફાર થવાની શકયતા ચર્ચાઈ રહી છે. હાલની સ્થિતિ પર નજર કરીએ તો સુરત પોલીસ કમિશ્નર ની પોસ્ટ પર વબાંગ ઝમીર ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.




અનુપમસિંહ ગેહલોતની અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે નિમણુંક બાદ સુરત સીપી નુ પદ ખાલી પડયુ હતું અને ત્યારબાદ ઝમીર ને ઈન્ચાર્જ જવાબદારી સોંપવામાં આવી હતી, હવે ચર્ચા એવી છે કે નવરાત્રી આસપાસ સુરતને કાયમી પોલીસ કમિશ્નર મળી શકે છે, આ સાથે રાજકોટ અને વડોદરા શહેરના પોલીસ કમિશ્નર સ્તરે પણ ફેરફાર થઈ શકે છે, વડોદરાના વર્તમાન પોલીસ કમિશ્નર નરસિંહા એન કોમાર નુ નામ સુરત પોલીસ કમિશ્નર ની રેસમાં હોવાની ચર્ચા છે, જો કે તેમને રાજય પોલીસ ના મુખ્યમથક પર મહત્વની જવાબદારી સોંપવામાં આવે તેવી શકયતા પણ ચર્ચાઈ રહી છે. નરસિંહા કોમાર હાલ વડોદરા સીપી તરીકે કાર્યરત છે અને જાન્યુઆરી ૨૦૨૬ માં તેમને ડીજીપી ગ્રેડમાં પ્રમોશન પણ મળ્યુ હતું.

તો બીજી તરફ એટીએસ અને કોસ્ટલ સીકયુરીટીના વડા અમિત વિશ્વકર્માનુ નામ પણ શહેરના પોલીસ કમિશ્નર પદ માટે ચર્ચામાં હોવાનુ જાણવા મળે છે.

સત્તાવાર આઈપીએસ યાદી મુજબ તેઓ હાલ એડીજીપી, એટીએસ અને કોસ્ટલ સીકયુરીટી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. રાજકોટમાં પણ બદલાવની ચર્ચા છે, હાલ રાજકોટ પોલીસ કમિશ્નર તરીકે બ્રિજેશકુમાર ઝા ફરજ બજાવી રહ્યા છે. તેમના સ્થાને નવા સીપી તરીકે સંદિપસિંહ અથવા અમિત વિશ્વકર્માના નામની ચર્ચા હોવાનુ સુત્રો જણાવી રહ્યા છે. જો કે અંતિમ નિર્ણય સરકારના સત્તાવાર આદેશ બાદ જ સ્પષ્ટ થશે. સુરત અને વડોદરા માટે નિપૂર્ણા તોરવાણેનુ નામ પણ ચર્ચામાં હોવાનુ બહાર આવ્યુ છે. તેઓ હાલ ગુજરાત સરકારના ગૃહવિભાગમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કાર્યરત છે,

સુત્રોના કહેવા પ્રમાણે આગામી ફેરબદલ માત્ર ૩ મોટા શહેરોના પોલીસ કમિશ્નર પુરતો મર્યાદીત રહે તેવી શકયતા નથી. આશરે અડધો ડઝન જેટલા રેન્જ આઈજીની પણ બદલી થઈ શકે તેવી ચર્ચા છે. બોર્ડર રેન્જ, સુરત રેન્જ, વડોદરા રેન્જ અને ભાવનગર રેન્જ સહિતની કેટલીક મહત્વની રેન્જમાં ફેરફાર થવાની શકયતા ચર્ચાઈ રહી છે. આ ઉપરાંત એક ડઝનથી વધુ એસપીની પણ બદલી થઈ શકે તેવી શકયતા છે. જો આ પ્રકારનુ મોટુ ટ્રાન્સફર લીસ્ટ બહાર આવે તો રાજયના પોલીસ તંત્રમાં એક સાથે અનેક મહત્વના પદો પર નવા અધિકારીઓની નિમણુંક થઈ શકે છે. મોટા ફેરફારની ચર્ચા વચ્ચે લાંબા સમયથી મહત્વના પોસ્ટીંગની રાહ જોઈ રહેલા કેટલાક અધિકારીઓને પણ મહત્વની જવાબદારી મળી શકે છે. માર્ચ ૨૦૨૬ માં ગુજરાત સરકારે એક સાથે ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી અને નવી નિમણુંક કરી હતી. જયારે સપ્ટેમ્બરમાં પણ ૧૦ આઈપીએસ / એસપીએસ અધિકારીઓ અંગે ટ્રાન્સફર / પોસ્ટીંગના આદેશો બહાર પડયા હતા.

હવે જો નવરાત્રી આસપાસ ફરી એક મોટુ આઈપીએસ બદલીનુ લીસ્ટ તૈયાર થાય છે તો કોને કઈ જવાબદારી મળે છે તેના પર પોલીસ બેડાની સાથે રાજકીય અને વહિવટી વર્તુળોની પણ નજર રહેશે. હાલમાં ચર્ચાતા નામો અને સંભવિત પોસ્ટીંગ અંગે અંતિમ ચિત્ર સરકારના સત્તાવાર આદેશ બાદ જ સ્પષ્ટ થશે. પરંતુ એક વાત ચોકકસ છે કે જો ચર્ચા મુજબ મોટુ ટ્રાન્સફર લીસ્ટ બહાર આવે તો ગુજરાત પોલીસના ઉચ્ચસ્તરે અનેક મહત્વના ચહેરા નવી જવાબદારી સાથે જોવા મળી શકે છે.

### મંત્રી વાજા ગરવી ગુજરાત મીડીયાથી દુર કેમ ભાગી રહ્યા છે?

# મેવાણી સામે ૪ લાખનો આક્ષેપ કરી બદનામ કરનાર શિક્ષણમંત્રી શું દુધના ધોયેલા છે ખરા?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણમંત્રી પ્રદ્યુમનવાજા મોદી અને ગૃહવિભાગની ગુડબુકમાં આવવા કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી વિરૂધ્ધ મીડીયામાં નિવેદનો આપી બદનામ કરી રહ્યા છે. ત્યારે ખુદ શિક્ષણમંત્રી ગરવી ગુજરાત મીડીયાથી કેમ દુર ભાગી રહ્યા છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે ? શિક્ષણમંત્રી પોતે પાર્ટીને વફાદાર નથી તેવુ ધારાસભ્યો કહી રહ્યા છે તેનુ કારણ શું ? શિક્ષણમંત્રી પોતે પાર્ટીના વફાદાર હોય તો શિક્ષણમંત્રીએ પોતાના મત વિસ્તારની કોડિનાર તાલુકા પંચાયત ને સામેથી કોંગ્રેસના ખોળામાં





આપી તેનુ કારણ શું ? પૂર્વ શિક્ષણમંત્રી કુબેર ડીંડોર દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષકોની બઢતી / સીધી ભરતીનો નિર્ણય લેવાઈ ગયો હોવા છતાં આ નિર્ણય હાલના શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા દ્વારા રદ કરવા પાછળનુ કારણ શું ? શું પૂર્વ મંત્રીઓએ મદદનીશ કેળવણી નિરીક્ષકની બઢતી / સીધી ભરતીમાં ભ્રષ્ટાચાર આચરી નિર્ણય લીધો હતો ? આમ મંત્રીશ્રી પોતે પોતાની પાર્ટીના મંત્રીઓ અને ધારાસભ્યોએ કરેલી ભલામણો પર વિશ્વાસ કરતા નથી અને કોંગ્રેસ ના ધારાસભ્ય વિરૂધ્ધ નિવેદનો આપી બદનામ કરી રહ્યા છે. શિક્ષણમંત્રી એ જિગ્નેશ મેવાણી સામે આંગળી ચિંધતા પહેલા વિચારવુ જોઈએ કે બાકીની આંગળીઓ આપણા તરફ છે અને આપણે કેટલા દુધના ધોયેલા છીએ. શિક્ષણમંત્રી એવા તે કેવા કામો કરે છે કે જેથી મીડીયાથી દુર રહેવુ પડે છે અને અન્ય મંત્રીઓને કરેલી ભલામણો પણ મંત્રીઓ ધ્યાને લેતા નથી તેનુ કારણ શું ?

### થપ્પડ કી ગૂંજ!!

# સત્તાના નશામાં મરાયેલી થપ્પડ એ લોકશાહીનું ખૂન અને સરમુખત્યારશાહી શાસન ની અહંકાર ની નિશાની છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દિલ્હીના તિલકનગર વિસ્તારમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય જરનૈલ સિંહે સડકની સપાટીનો એક ભાગ ઉખાડીને તેની ગુણવત્તા અંગે સવાલ ઉઠાવ્યો હતો. આ દરમિયાન વીડિયો બનાવી રહેલા એક વ્યક્તિને દિલ્હીના લોક નિર્માણ વિભાગના મંત્રી પ્રવેશ વર્માએ થપ્પડ મારી હોવાનો વીડિયો સામે આવ્યો છે.

લોકશાહીમાં સત્તા મેળવવી જેટલી મહત્વની બાબત છે, એટલી જ મહત્વની બાબત સત્તા મળ્યા પછી તેના ઉપયોગની મર્યાદા જાળવવાની છે. જનપ્રતિનિધિ માત્ર પોતાના પક્ષનો નેતા કે સરકારનો એક ભાગ નથી હોતો, તે જાહેર વિશ્વાસનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી તેના શબ્દો, નિર્ણયો અને વર્તન સામાન્ય નાગરિક કરતાં વધારે લોક જવાબદારી સાથે જોડાયેલા હોય છે. અને દિલ્હીની ઉપરોક્ત ઘટનાએ આ જ મૂળભૂત પ્રશ્નને ફરીથી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે કે અસહમતિ, ટીકા કે ઉશ્કેરણીનો જવાબ સત્તાધારીઓ પાસે હાથ ઉઠાવવાનો અધિકાર બની શકે કે કાયદો જ તેનો એકમાત્ર રસ્તો હોવો જોઈએ?

લોકશાહીનું સૌંદર્ય જ એ છે કે તેમાં અસહમતિ માટે જગ્યા હોય છે. સરકારનું કામ સારું હોય તો તેની પ્રશંસા થશે અને કામમાં ખામી હોય તો સવાલ પણ પૂછાશે. ખાસ કરીને રસ્તા, પાણી, ગટર, વીજળી અને અન્ય જાહેર સુવિધાઓ માટે વપરાતું નાણું જનતાનું હોય છે. તેથી જનતા કે તેના પ્રતિનિધિને જાહેર કામની ગુણવત્તા અંગે પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. જો સવાલ ખોટો હોય તો સરકાર પાસે દસ્તાવેજો અને તપાસના આધારે જવાબ આપવાનો રસ્તો છે. જો સવાલ સાચો હોય તો ખામી સુધારવાની જવાબદારી છે. પરંતુ સવાલ પૂછનારને ડરાવવો કે તેને તમાચો મારી દેવો એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. આ બાબતે મંત્રી તરફથી એવો દાવો કરવામાં આવ્યો કે સંબંધિત વ્યક્તિએ તેમના પરિવાર અંગે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો અને સરકારી કામમાં અવરોધ ઊભો કરવામાં આવી રહ્યો હતો. બીજી તરફ ફરિયાદી પક્ષે આ ઘટનાને જનપ્રતિનિધિ દ્વારા સત્તાના દુરુપયોગ તરીકે રજૂ કરી અને કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ત્યારે અહીં સૌથી અગત્યની વાત એ છે કે કોઈ વ્યક્તિ ખરેખર અપમાનજનક ભાષા વાપરે તો પણ તેનો જવાબ શારીરિક હુમલો નથી. અપશબ્દોનો જવાબ વળતી ફરિયાદથી આપી શકાય છે. પરંતુ સત્તાના નશામાં મારેલી થપ્પડ નાગરિકની સુરક્ષા પર સવાલ પેદા કરે છે.

# ગાંધીનગર મનપાની ચુંટણીમાં કોંગ્રેસે ૨૦ સ્ટાર પ્રચારકોને ચુંટણી પ્રચારમાં ઉતાર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ઓકટોબર ૨૦૨૬ માં યોજાનારી ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ ઓખા નગરપાલિકા સહિતની વિવિધ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે રાજકીય પક્ષોએ મોરચો સંભાળી લીધો છે.



ભારતીય જનતા પાર્ટી સામે આક્રમક ચુંટણી પ્રચારની વ્યુહ રચનાના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સત્તાવાર રીતે ૨૦ દિગ્ગજ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાના સત્તાવાર હસ્તાક્ષર સાથે આ મહત્વપૂર્ણ યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલી આ યાદીમાં પક્ષના રાષ્ટ્રીય કક્ષાના આગેવાનો, સાંસદો, પૂર્વ પ્રદેશ પ્રમુખો તેમજ વર્તમાન સક્રિય ધારાસભ્યો અને યુવા નેતાઓ વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શહેરી તેમજ અર્ધ શહેરી વિસ્તારોના સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને તમામ વર્ગોના પ્રભાવશાળી ચહેરાઓને ચુંટણી પ્રચારમાં ઉતારવાનો નિર્ણય લેવાયો છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ચુંટણીપંચ સમક્ષ રજુ કરાયેલી સ્ટાર પ્રચારકોની યાદી મુજબ (૧) રણદીપસિંહ સુરજેવાલા (રાષ્ટ્રીય મહાસચિવ ) (૨) અમિત ચાવડા (પ્રદેશ પ્રમુખ ) (૩) ડો. તુષાર ચૌધરી (સાંસદ / પૂર્વ કેન્દ્રીય મંત્રી) (૪) ભરતસિંહ સોલંકી (પૂર્વ કેન્દ્રીય મંત્રી / પૂર્વ પ્રદેશ પ્રમુખ ) (૫) શકિતસિંહ ગોહિલ (વરીષ્ઠ નેતા) (૬) જગદીશ ઠાકોર (પૂર્વ પ્રદેશ પ્રમુખ ) (૭) સિધ્ધાર્થ પટેલ (પૂર્વ પ્રદેશ પ્રમુખ) (૮) લલીત દેસાઈ (વરીષ્ઠ આગેવાન) (૯) ડો. અમીબેન યાજ્ઞીક (પૂર્વ રાજયસભા સાંસદ ) (૧૦) પરેશ ધાનાણી (પૂર્વ વિપક્ષી નેતા ) (૧૧) ઋત્વીક મકવાણા (પૂર્વ ધારાસભ્ય) (૧૨) ગેનીબેન ઠાકોર (સાંસદ બનાસકાંઠા ) (૧૩) શૈલેષ પરમાર (ધારાસભ્ય દાણીલીમડા) (૧૪) જિગ્નેશ મેવાણી (ધારાસભ્ય વડગામ) (૧૫) ઈન્દ્રવિજયસિંહ ગોહિલ (કાર્યકારી પ્રમુખ / આગેવાન) (૧૬) કાંતીભાઈ ખરાડી (ધારાસભ્ય દાંતા) (૧૭) કિરીટ પટેલ (ધારાસભ્ય પાટણ) (૧૮) ઈમરાન ખેડાવાલા (ધારાસભ્ય જમાલપુર / ખાડીયા ) (૧૯ ) ડો. જીતુભાઈ પટેલ (વરીષ્ઠ આગેવાન) (૨૦) ડો. હિમાંશુ પટેલ (સંગઠન આગેવાન)

ઓકટોબર ૨૦૨૬ માં યોજાનાર આ ચુંટણી જંગમાં ખાસ કરીને ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડ અને ઓખા નગરપાલિકાની બેઠકો પર કોંગ્રેસ સ્થાનિક પ્રશ્નો, મોંઘવારી, પાયાની સુવિધાઓનો અભાવ અને વહિવટી નિષ્ફળતાઓને મુખ્ય મુદ્દા બનાવી જનતા વચ્ચે જશે, આ તમામ ૨૦ સ્ટાર પ્રચારકો આગામી દિવસોમાં વિવિધ ચુંટણી સભાઓ, રોડ શો, ખાટલા પરીષદો અને પદયાત્રાઓ યોજી પક્ષના ઉમેદવારોની તરફેણમાં મતદાન કરવા માટે મતદારો સાથે સીધો સંવાદ સાધશે.

# ગાંધીનગર મનપાની ચુંટણીમાં જેન-ઝેડ ઉમેદવારોની એન્ટ્રીઃ વોર્ડ નં. ૬ માં કોંગ્રેસે ૨૨ વર્ષીય મેધના રબારી અને ૨૭ વર્ષીય કર્મજીતસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીનો જંગ જામ્યો છે. ત્યારે રાજકારણમાં નવો વળાંક જોવા મળ્યો છે. સ્થાનિક સ્વરાજયની આ ચુંટણીમાં કોંગ્રેસ પક્ષે યુવા વર્ગ એટલે કે જેન-ઝેડ ઉમેદવારો પર પસંદગીનો કળશ ઢોળી ને નવો પ્રયોગ કર્યો છે.



ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૬ માં કોંગ્રેસે દેશના સૌથી યુવા ઉમેદવારોને ટીકીટ આપીને ચુંટણી મેદાનમાં ઉતાર્યા છે. જેના કારણે યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર મનપાની ચુંટણીમાં વોર્ડ નં. ૬ ની પેનલ માટે કોંગ્રેસે જાહેર કરેલા ૪ ઉમેદવારો પૈકી ૨ ઉમેદવારો અતિયુવાન એટલે કે જેન-ઝેડ કેટેગરીના છે. રાજકારણમાં યુવા વિચારધારા અને નવી ઉર્જા લાવવાના હેતુથી પક્ષ દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ યુવા ઉમેદવારો સ્થાનિક પ્રશ્નોને લઈને પ્રજા વચ્ચે જઈ રહ્યા છે અને તેમને લોકો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.આ ચુંટણીમાં સૌથી વધુ આકર્ષણનુ કેન્દ્ર ૨૨ વર્ષીય કોંગ્રેસી ઉમેદવાર મેધના રબારી બન્યા છે. મેધના રબારી ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના સૌથી નાની વયના (સૌથી યુવાન) ઉમેદવાર છે, તેમની સાથે જ ૨૭ વર્ષીય કર્મજીતસિંહ વાઘેલા પણ કોંગ્રેસના જેન-ઝેડ ઉમેદવાર તરીકે ચુંટણી જંગમાં ઝંપલાવી રહ્યા છે. આ બંને યુવા ઉમેદવારો ગાંધીનગરના વિકાસ અને યુવાનોના પ્રશ્નોને લઈને મુખ્ય મુદ્દો બનાવી રહ્યા છે.

ટીકીટ મળ્યા બાદ કોંગ્રેસના આ જેન-ઝેડ ઉમેદવારો ગાંધીનગર મનપાના ચુંટણી પ્રચારમાં પુરજોશમાં લાગી ગયા છે. ડોર ટુ ડોર કેમ્પેઈનીંગ, સોશીયલ મીડીયા પ્રચાર અને સ્થાનિક રહીશો સાથે સીધો સંવાદ સાધીને તેઓ મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુવા ઉમેદવારો મેદાનમાં આવતા ગાંધીનગર મનપાની ચુંટણીનો જંગ વધુ રસપ્રદ અને રોમાંચક બની ગયો છે.

# ગુજરાત રાજયમાંથી સફાઈ કામની કોન્ટ્રાક્ટ (આઉટસોર્સ) સિસ્ટમ નાબૂદ કરવા ગુજરાત રાજયના અનુસુચિત જાતિ-જનજાતિ સમાજનું વિશાળ સંમેલન

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત રાજયમાં સફાઈ કામની કામગીરી સાથે વાલ્મીકિ, નાડીયા અને મેઘવાડ સમાજ સંકળાયેલા છે. વર્ષો પહેલા માથે મેલુ ઉપાડવાની કામગીરી વાલ્મીકિ સમાજ કરતો હતો. આ સમાજના મોટા ભાગના લોકોનું જીવન નિર્વાહ સફાઈ કામગીરી ઉપર નિર્ભર છે. ત્યારે સરકાર ધ્વારા કોન્ટ્રાક્ટ સિસ્ટમ દાખલ કરી આ સમાજને ભૂખમરામાં ધકેલવાના પ્રયાસ શરૂ કરેલ છે. રાજય સરકારે કોન્ટ્રાકટરોના લાભાર્થે શરૂ કરેલ કોન્ટ્રાક્ટ સિસ્ટમને અમે વખાડીએ છીએ. રાજય સરકારશ્રીના નાણાં વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૧૦ નો ઠરાવ અને રાજય સરકારશ્રીના નાણાં વિભાગ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ તા.૧૪/૦૮/૨૦૧૪ ઠરાવથી સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભાએ ઠરાવ નં. ૪૬૭/૨૦૨૨,તા.૨૭/૦૭/૨૦૨૨ થી સફાઈ કામગીરી કોન્ટ્રાકટ/આઉટસોર્સ સિસ્ટમ નાબૂદ કરે તે માટે અનુસુચિત જાતિ-જનજાતિ સમાજનું વિશાળ સંમેલન તા.૦૪/૧૦/૨૦૨૬ ના રોજ સુરત ખાતે ડી.સી.સોલંકી એડવોકેટ ના પ્રમુખ સ્થાને શ્રમજીવી સેવાલય સુરત સ્ટેશન ખાતે યોજવામાં આવેલ છે. જેમાં આ ઠરાવો રદ કરવા માંગણી કરવામાં આવશે.

# મફતમાં મૂવી જોવાની લાલચમાં રિક્ષાડ્રાઈવરે એક લાખ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

સોશિયલ મીડિયાનો ગેરઉપયોગ કરી સાયબર ગઠિયાઓ દ્વારા લોકોના બેન્ક ખાતા ખાલી કરવાના ચાલી રહેલા ષડયંત્રમાં વધુ એક ભાવનગરી ફસાયો છે.

મફતમાં મૂવી જોવાની લાલચમાં રિક્ષાડ્રાઈવર આધેડના બેન્ક ખાતામાંથી એક લાખથી વધુ રૃપિયા ઉપડી ગયા હતા.શહેરના હાદાનગર, શિવશક્તિ સોસાયટી, પ્લોટ નં.૧૦૨/એમાં રહેતા અને રિક્ષા ચલાવતા સલીમભાઈ અકબરભાઈ દસાડિયા (ઉ.વ.૪૯) ગત તા.૨૭-૯ના રોજ રાત્રિના સમયે ઈન્સ્ટ્રાગ્રમમાં રિલ્સ જોતા હતા. ત્યારે એપીકે ફાઈલમાં મફતમાં મૂવી જોય શકાશે તેવી લોભામણી જાહેરાત જોતા તેમણે એજીટીવી એપ નામની એપીકે ફાઈલ ડાઉનલોડ કરી હતી. બીજા દિવસે તા.૨૮-૯ના રોજ બપોરના સમયે તેમનો ફોન હેંગ અને સ્વીચ ઓફ થયા બાદ ઓટોમેટિક ફોન ઓન થયો હતો. એ સાથે જ આધેડના આઈડીએફસી અને એસબીઆઈ ક્રેડીટ કાર્ડ ખાતામાંથી રૂા.૧,૦૬,૯૦૦ ડેબિટ કરી કોઈ અજાણ્યા હેકરે તેમની સાથે ઓનલાઈન છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે સલીમભાઈ દસાડિયાએ સ્થાનિક બોરતળાવ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૩૧૮ (૪), ૩૧૯ (૨) અને આઈટી એક્ટની કલમ ૬૬ (ડી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વોટ્સએપ, ઈન્સ્ટ્રાગ્રામ વગેરે સોશિયલ મીડિયા એપ્લિકેશનોમાં આવતી એપીકે ફાઈન હેકરોનું હથિયાર છે. હેકરો દ્વારા મૂવી, આરટીઓના ઓનલાઈન મેમો, વગેરે અલગ-અલગ નામે આવી એપીકે ફાઈલ વાયરલ કરી લોકોને જાળમાં ફસાવી તેમનો ફોન હેંગ કરી મોબાઈલમાં રહેલ તમામ ખાનગી માહિતીઓ મેળવી લઈ થોડી જ ક્ષણોમાં બેન્ક ખાતા ખાલી કરી નાંખવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. ભાવનગરમાં એક સપ્તાહની અંદર જ એપીકે ફાઈલથી ઓનલાઈન ઠગાઈની બે ઘટના સામે આવી છે. ત્યારે લોકોએ પોતાની મરણ મૂડી-પરસેવાની કમાણી બચાવવા માટે સજાગ થઈ સોશિયલ મીડિયામાં આવતી આવી એપીકે ફાઈલોને ડાઉનલોડ ન કરવી હિતવહ છે.